




સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in  pratapdarpan_official  pratapdarpansrt@gmail.com  pratapdarpan_official11

# મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ગાંધી આશ્રમની મુલાકાતે

## મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભરી શ્રધ્ધાંજલિ આપતા વડાપ્રધાન મોદી અને જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝ



સુરત, તા.૧૨

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તથા જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝએ અમદાવાદના સાબરમતી નદીના તટે ઐતિહાસિક ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બંને મહાનુભાવોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

વડાપ્રધાનશ્રી અને જર્મનીના ચાન્સેલરશ્રીએ આશ્રમ માં ગાંધીજીના નિવાસસ્થાન હૃદય કુંજની પણ મુલાકાત લઈ રેંટિયો કાતવાની પ્રક્રિયાને નિહાળી હતી.

ગાંધી આશ્રમની મુલાકાત દરમિયાન ગાંધીજીના સાદગીપૂર્ણ જીવન, આત્મનિર્ભરતાના સંદેશ તેમજ સત્ય અને અહિંસાના મૂલ્યો અંગે બંને નેતાઓએ ઊંડો આદર ભાવ વ્યક્ત કર્યો હતો.

જર્મનીના ચાન્સેલર શ્રી ફ્રેડરિક મર્ઝ ગાંધી આશ્રમની મુલાકાત લઈ પ્રભાવિત થયા હતા. તેમણે વિઝિટર્સ બુકમાં મેસેજ આપતા જણાવ્યું કે, સ્વતંત્રતાની શક્તિ અને દરેક વ્યક્તિના મનમાં મહાત્મા ગાંધીનો અડગ વિશ્વાસ આજે પણ આપણને પ્રેરણા આપે છે. આ માનવીય વારસો ભારત અને જર્મનીના લોકોને મિત્રતા દ્વારા એકસાથે જોડે છે, દુનિયામાં આજે પણ ગાંધીજીના ઉપદેશો એટલા જ પ્રસ્તુત છે.

અનુસંધાન પાના ૭ પર

### મોદી અને ફ્રેડરિક મર્જે દોસ્તીના પતંગ ચગાવ્યો

નવી દિલ્હી, તા. ૧૨

PM મોદીએ આજે (૧૨ જાન્યુઆરી) જર્મન ચાન્સેલર સાથે ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. ગાંધી આશ્રમ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જર્મન ચાન્સેલરનું સ્વાગત કર્યું હતું. અહીં બંને નેતાઓએ ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હૃદયકુંજની મુલાકાત પણ લીધી હતી. અહીંથી બંને નેતા પતંગ મહોત્સવમાં પહોંચ્યા હતા, જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યું હતું. પતંગ મહોત્સવમાં મોદી-ફ્રેડરિક મર્ઝે ખુલ્લી જીપમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ નિહાળી ભારત-જર્મનીની ફ્રેન્ડશિપનો

અનુસંધાન પાના ૭ પર

# ઇસરોનું વર્ષનું પ્રથમ લોન્ચિંગ નિષ્ફળ



## પીએસએલવી રોકેટ ત્રીજા સ્ટેજમાં રસ્તો ભટકી જતા શક્તિશાળી જાસુસી ઉપગ્રહ ઓર્બિટમાં સ્થાપિત થયો નહીં

નવી દિલ્હી, તા. ૧૨

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)™wt PSLV-C62 મિશન સોમવારે ટેકનિકલ ખામીને કારણે પુરુ થઈ શક્યું નહી. આ મિશન હેઠળ SLV રોકેટથી અન્વેષા સેટેલાઈટ અને ૧૪ કો-પેસેન્જર સેટેલાઈટને લોન્ચ કર્યા હતા.

ISRO™wt PSLV C62 મિશન ફેલ થતા અન્વેષા સેટેલાઈટ ઓર્બિટમાં સ્થાપિત થઈ શક્યો નહી. ISROના વડાએ એક નિવેદન જાહેરી કરીને કહ્યું, "ત્રીજા સ્ટેજમાં સમસ્યા આવી અને રોકેટની દિશા બદલાઈ ગઈ. ડેટાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે અને અપડેટ આપવામાં આવશે."ISROએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું, PSLV-C62 મિશનના PS3 તબક્કાના અંતે એક મુશ્કેલી પડી છે. વિગતવાર તપાસ શરૂ કરવામાં આવી છે.ઈસરોનું PSLV-C62 મિશન ફેલ થયું. ઈસરોના વડા વી. નારાયણને જણાવ્યું કે સેટેલાઈટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો. બીજો સ્ટેજ પણ સફળ રહ્યો, પરંતુ ત્રીજા સ્ટેજમાંથી ડેટા મેળવવાનું મુશ્કેલ બન્યું. તે રસ્તો ભટકી ગયું. મિશનનો ચોથો સ્ટેજ શરૂ થયો, પરંતુ તે પછી કોઈ અપડેટેડ ડેટા મળ્યા નહીં. અમે ડેટાનું વિશ્લેષણ કરી રહ્યા છીએ.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO) આજે સવારે ૧૦.૧૮ વાગ્યે આંધ્ર પ્રદેશના શ્રીહરિકોટા ખાતેના સતીશ ધવન અંતરિક્ષ કેન્દ્રથી વર્ષ ૨૦૨૬નું પ્રથમ સેટેલાઈટ મિશન લોન્ચ કર્યો. આ લોન્ચ પોલર સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (PSLV)-C62 દ્વારા કરવામાં આવ્યો.આ મિશનમાં કુલ ૧૫ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં મોકલવામાં આવ્યા. જેમાં અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-N1) અન્વેષા મુખ્ય છે, જેને પૃથ્વીથી લગભગ ૬૦૦ કિલોમીટર ઉપર

અનુસંધાન પાના ૭ પર

# સાંબા, રાજૌરી અને પૂંછ સીમા પર ડ્રોન ઉડતા દેખાયા

### પાકિસ્તાને ઘૂસણખોરીના પ્રયાસ કરતા સેનાનો કાઉન્ટર એટેક

નવી દિલ્હી, તા. ૧૨

જમ્મુ-કાશ્મીરના સાંબા, રાજૌરી અને પૂંછમાં પાકિસ્તાન સાથેની સરહદ અને લાઇન ઓફ કંટ્રોલ (LoC) નજીક રવિવારે સાંજે લગભગ ૫ ડ્રોન જોવા મળ્યા.ન્યૂઝ એજન્સીના રપોર્ટ અનુસાર, રાજૌરીમાં નૌશેરા સેક્ટરની રખેવાળી કરી રહેલા જવાનોએ સાંજે લગભગ ૬.૩૫ વાગ્યે ગનિયા-કલસિયાં ગામ ઉપર ડ્રોન જોયું. ત્યારબાદ મીડિયમ અને લાઈટ મશીન ગનથી ફાયરિંગ કર્યું.રાજૌરીના તેરિયાથના ખબ્બર ગામમાં સાંજે ૬.૩૫ વાગ્યે એક વધુ ડ્રોન જોવા મળ્યું. આ ડ્રોન કલાકોટના ધર્મસાલ ગામ તરફથી આવ્યું અને આગળ ભરખ તરફ આગળ વધ્યું.જ્યારે, સાંબાના રામગઢ સેક્ટરમાં ચક બબરલ ગામ ઉપર સાંજે લગભગ ૭.૧૫ વાગ્યે ડ્રોન જેવી વસ્તુ થોડી મિનિટો સુધી મંડરાતી જોવા મળી. પૂંછમાં પણ મનકોટ સેક્ટરમાં સાંજે ૬.૨૫ વાગ્યે તૈનથી ટોપા તરફ ડ્રોન જેવી એક અન્ય વસ્તુ જતી જોવા મળી.ફોરવર્ડ વિસ્તારોમાં શંકાસ્પદ ડ્રોનની હિલચાલ દેખાયા બાદ સુરક્ષા દળોએ વિસ્તારોમાં સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે.આ પહેલા ૯ જાન્યુઆરીના રોજ સાંબામાત IB નજીક ઘગવાલના પાલુરા ગામમાં હથિયારોનો જથ્થો મળ્યો હતો, જેને પાકિસ્તાનથી આવેલા ડ્રોને પાડ્યો હતો. તેમાં ૨ પિસ્તોલ, ત્રણ મેગેઝીન, ૧૬ રાઉન્ડ અને એક ગ્રેનેડનો સમાવેશ થતો હતો.દેશમાં ગણતંત્ર દિવસને લઈને સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર છે. સુરક્ષા એજન્સીઓને શંકા છે કે આ ડ્રોનનો ઉપયોગ સરહદ પર સેનાની સ્થિતિ જાણવા અથવા આતંકવાદીઓ માટે હથિયારો અને નશીલા પદાર્થો પાડવા માટે કરવામાં આવી રહ્યો છે.

સેનાએ ઓપરેશન સિંદૂરના ૮ મહિના બાદ ડ્રોન પર એટેક કર્યો. ઓપરેશન સિંદૂર ભારતનું સૈન્ય

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ઈરાન વિરોધી રેલીમાં ટ્રક ઘૂસી જતા અનેક લોકો કચડાયા

### લોસ એન્જેલસમાં ટ્રક ડ્રાઈવરની ધરકડ કરતી પોલીસ

નવી દિલ્હી, તા. ૧૨

ઈરાન સરકાર વિરુદ્ધ શરૂ થયેલું સ્થાનિક વિરોધ પ્રદર્શન હવે વિદેશમાં પણ ફેલાઈ ગયું છે. અમેરિકાના લોસ એન્જલસના વેસ્ટવુડ વિસ્તારમાં ઈરાની શાસન વિરુદ્ધ અને ઈરાની લોકોના સમર્થનમાં એક મોટા પ્રદર્શન દરમિયાન એક યુ-હોલ ટ્રક પ્રદર્શનકારીઓની ભીડમાં ઘૂસી ગયો. આ ઘટના ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બની હતી અને તેમાં અનેક લોકો સામેલ થયા હતા.

આ વિરોધ પ્રદર્શન વેસ્ટવુડમાં યોજાયું હતું, જ્યાં સેંકડો લોકો ઈરાનમાં શાસન વિરુદ્ધ પ્રદર્શન કરનારાઓના સમર્થનમાં એકત્રિત થયા હતા. સ્થાનિક ન્યૂઝ ચેનલના અહેવાલ મુજબ, ટ્રક ભીડમાં ઘૂસી ગયો, જોકે અત્યાર સુધી એ સ્પષ્ટ નથી કે આ ઘટનામાં કોઈને ગંભીર ઈજાઓ પહોંચી છે કે નહી. લોસ એન્જલસ પોલીસ વિભાગે જણાવ્યું કે ઘટના બાદ કોઈ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી નહોતી.

લોસ એન્જલસ ટાઈમ્સ અનુસાર, સ્થાનિક પોલીસે ટ્રક ડ્રાઈવરની અટકાયત કરી છે. પોલીસે હજુ સુધી ડ્રાઈવરની ઓળખ જાહેર કરી નથી. આ ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર વાઈરલ થઈ રહ્યો છે, જેમાં ટ્રકની સાઈડ પર અરબી ભાષા અને અંગ્રેજીમાં એક સાઈન દેખાય છે, જેમાં લખેલું છે, "NO SHAH. NO REGIME. USA: DON'T REPEAT 1953. NO MULLAH."પોલીસ ડ્રાઈવરને જ્યારે ત્યાંથી લઈ જઈ રહી હતી, ત્યારે ઘણા પ્રદર્શનકારીઓએ

અનુસંધાન પાના ૭ પર

# ઈરાનમાં વણથંભી હિંસા : લોકોના ટોળાએ પોલીસને સળગાવી દીધો

### હિંસામાં અત્યાર સુધી ૫૩૮નાં મોત, ૧૦ હજારથી વધુ પ્રદર્શનકારીઓની ધરપકડ

નવી દિલ્હી, તા. ૧૨

ઈરાનમાં સરકારવિરોધી પ્રદર્શનોનો આજે ૧૬મો દિવસ છે. આ દરમિયાન વિદેશમંત્રી અબ્બાસ અરાઘચીએ પ્રદર્શનકારીઓ પર પોલીસકર્મીઓને મારવા અને જીવતા સળગાવવાનો આરોપ લગાવ્યો છે. અરાઘચીએ તેને ઈઝરાયલની ગુપ્તચર એજન્સી મોસાદનું ષડયંત્ર ગણાવ્યું છે.

છેલ્લાં બે અઠવાડિયાંથી ચાલી રહેલાં આ પ્રદર્શનોમાં અત્યારસુધીમાં ૫૩૮ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૧૦,૬૦૦થી વધુ લોકોની દરપકડ કરવામાં આવી છે. ન્યૂઝ એજન્સી છએ પ્રદર્શનકારીઓના હવાલાથી જણાવ્યું હતું કે મૃત્યુ પામેલાઓમાં ૪૯૦ પ્રદર્શનકારી અને ૪૮ સુરક્ષાકર્મી છે.

જ્યારે અલ જઝીરાના રિપોર્ટમાં ૧૦૯ સુરક્ષાકર્મીને માર્યા ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. અરાઘચીએ પોલીસકર્મીઓ પર હુમલાનો વીડિયો પણ શેર કર્યો છે.

રાજદૂત મોહમ્મદ ફથાલીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર નિવેદન જારી કરીને કહ્યું હતું કે કેટલાંક વિદેશી એકાઉન્ટ્સ દ્વારા ઈરાનની સ્થિતિ અંગે ફેલાવવામાં આવી રહેલા સમાચાર ભ્રામક છે. તેમણે સ્પષ્ટ કર્યું કે કોઈપણ ભારતીય નાગરિકની ધરપકડ થઈ નથી.

પ્રદર્શનો વચ્ચે ઈરાને અમેરિકાને ચેતવણી આપી છે કે જો તેના પર હુમલો કરવામાં આવશે તો તે અમેરિકી સૈનિકો અને ઈઝરાયેલને નિશાન બનાવશે.

ઈરાની સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાગર ગાલીબાફે રવિવારે જણાવ્યું હતું કે જો અમેરિકા હુમલો કરશે તો વિસ્તારમાં હાજર તમામ અમેરિકી મિલિટરી બેઝ, શિપ્સ અને ઈઝરાયલ અમારા નિશાન પર હશે. આ નિવેદન સંસદના લાઈવ સત્ર દરમિયાન આપવામાં આવ્યું હતું, જ્યાં સાંસદો 'ડેથ ટુ અમેરિકા'ના નારા લગાવી રહ્યા હતા.ગાલીબાફે ઈરાનની સુરક્ષા એજન્સીઓની પ્રશંસા કરતાં કહ્યું હતું કે તેમણે પરિસ્થિતિમાં મજબૂતીથી કામ કર્યું છે. પ્રદર્શનકારીઓને ચેતવણી આપી કે ધરપકડ કરાયેલા લોકો સાથે સૌથી કડક કાર્યવાહી કરવામાં આવશે અને તેમને સખત સજા આપવામાં આવશે.

### સુપ્રિમ કોર્ટનો ચૂકાદો

## રીટર્ન થયેલા દરેક ચેકના જુદા-જુદા કેસ બની શકે

નવી દિલ્હી, તા. ૧૨

ચેક બાઉન્સ કેસમાં એક મહત્વના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ધારા ૧૩૮નું મહત્વનું અર્થઘટન કર્યુ છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે એક જ વ્યવહાર હેઠળ જો અલગ અલગ ચેક અપાયા હોય અને તે જો રિટર્ન (વસુલાયા વગરના) થાય તો અલગ-અલગ કેસ બની શકે છે અને ફકત વધુ સંખ્યાના કારણે જ કેસ નકારી શકાય નહી.

સ્ટીસ સંજય કરોલ અને જસ્ટીસ પ્રશાંત મિશ્રાની ખંડપીઠે દિલ્હી હાઈકોર્ટના એ ચુકાદો રદ કર્યો કે જેમાં ચેક બાઉન્સની ફરિયાદો રદ કરી હતી. જેમાં કારણ અપાયુ હતું કે એક જ દેવા ચુકવવા માટે અનેક ચેક એ

અનુસંધાન પાના ૭ પર

# હિમાચલના ઘરમાં ભીષણ આગ બાળકી સળગી મરી, ૮ લોકો ગુમ

### આગમાં ગેસ સિલિન્ડરો ફાટતા છ મકાનો ભસ્મીભૂત

નવી દિલ્હી, તા. ૧૨

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લાના અર્કી બજારમાં રવિવારે મધ્યરાત્રિએ ભીષણ આગ ફાટી નીકળી. આ દુર્ઘટનામાં આઠ વર્ષની એક બાળકી જીવતી સળગીને મૃત્યુ પામી, જ્યારે ૮ લોકો હજુ પણ ગુમ હોવાનું કહેવાય છે. ગુમ થયેલા લોકોમાં ૨ મહિલાઓ, ૨ પુરુષો અને ૪ બાળકોનો સમાવેશ થાય છે, જેના કારણે વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ છવાયો છે.

પ્રત્યક્ષદર્શીઓ અનુસાર આગની શરૂઆત બજાર વિસ્તારમાં આવેલા એક રહેણાંક બે માળના મકાનમાંથી થઈ. તેના નીચેના માળે દુકાનો અને ઉપરના માળે નેપાળ અને બિહારના મજૂરો રહેતા હતા. થોડી જ વારમાં આગે આસપાસની દુકાનો અને અન્ય ઈમારતોને પોતાની ઝપેટમાં લઈ લીધી.

આ દરમિયાન એક પછી એક ઘણા એલપીજી સિલિન્ડર ફાટ્યા, જેના કારણે આગ વધુ ભડકી ઉઠી. આનાથી પરિસ્થિતિ વધુ ભયાવહ બની ગઈ. સિલિન્ડરોના ધડાકાના અવાજથી સમગ્ર બજાર વિસ્તારમાં ભય ફેલાઈ ગયો.

માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી અને કલાકોની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો. જોકે, ત્યાં સુધીમાં ઘણી દુકાનો સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગઈ હતી અને લાખો રૂપિયાનો સામાન નષ્ટ થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક ધારાસભ્ય સંજય અવસ્થી પણ ઘટનાસ્થળે પહોંચ્યા. તેમણે જણાવ્યું કે આગ રાત્રે લગભગ અઢી વાગ્યે ભભૂકી ઉઠી હતી. હાલ આગ

અનુસંધાન પાના ૭ પર

# વેનેઝુએલામાં અમેરિકા દ્વારા સોનિક શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો

### હુમલા દરમિયાન સૈનિકોને લોહીની ઉલટીઓ થઈ, નાકમાંથી લોહી નીકળ્યું હતું

નવી દિલ્હી, તા. ૧૨

અમેરિકા પર વેનેઝુએલામાં સોનિક હથિયારનો ઉપયોગ કરવાનો આરોપ લાગ્યો છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, આ ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક અત્યંત શક્તિશાળી અને અત્યાર સુધી ન જોયેલા હથિયારનો ઉપયોગ કર્યો, જેનાથી વેનેઝુએલાના સૈનિકો સંપૂર્ણપણે લાચાર થઈ ગયા હતા.

એક વેનેઝુએલાઈ સિક્યોરિટી ગાર્ડે કહ્યું કે ઓપરેશન શરૂ થતા જ તેમની બધી રડાર સિસ્ટમ અચાનક બંધ થઈ ગઈ. તેના થોડા જ સેકન્ડ પછી તેમણે આકાશમાં મોટી સંખ્યામાં ડ્રોન ઉડતા જોયા. ગાર્ડ અનુસાર, તેમને સમજાયું જ નહીં કે આ સ્થિતિમાં શું કરવું.

ગાર્ડે આગળ દાવો કર્યો કે ઓપરેશન દરમિયાન અમેરિકી સેનાએ એક ગુપ્ત ઉપકરણનો ઉપયોગ કર્યો. આ કોઈ ખૂબ જ તીવ્ર અવાજ કે તરંગ (સાઉન્ડ વેબ) જેવું હતું. તેના તરત જ પછી તેને એવું લાગ્યું કે તેનું માથું અંદરથી ફાટી રહ્યું હોય.ઘણા સૈનિકોના નાકમાંથી લોહી વહેવા લાગ્યું અને કેટલાકને લોહીની ઉલટીઓ થઈ. બધા સૈનિકો જમીન પર પડી ગયા અને કોઈ પણ ઊભા રહેવાની સ્થિતિમાં નહોતું. ગાર્ડે કહ્યું કે તે જાણતો નથી કે આ કોઈ સોનિક હથિયાર હતું કે કંઈક બીજું.આ કાર્યવાહીના એક પ્રત્યક્ષદર્શીનું નિવેદન શનિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સામે આવ્યું, જેને વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટે શેર કર્યું.

ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, આ ઓપરેશનમાં અમેરિકાએ માત્ર આઠ હેલિકોપ્ટરનો ઉપયોગ કર્યો હતો, જેમાંથી લગભગ વીસ સૈનિકો

અનુસંધાન પાના ૭ પર

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.



મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



# કતારગામ ટીપીના રીઝર્વેશન મુદ્દે કેન્દ્રીય મંત્રી પાટીલ સમક્ષ રજૂઆત

## વર્ષો જૂની વસાહતો પર લાગુ રિઝર્વેશન અંગે ફરી એકવાર સી.આર. પાટીલે મહત્વપૂર્ણ બાંહેધરી આપી

સુરત, તા.૧૨

કતારગામ વિસ્તારના TP-49, TP-50 તથા TP-51માં છેલ્લા ઘણા વર્ષોથી અસ્તિત્વમાં રહેલી રહેણાંક વસાહતી સોસાયટીઓ, જાહેર રસ્તાઓ તેમજ ખુલ્લા પ્લોટ્સ પર લાગુ કરવામાં આવેલા રિઝર્વેશનને કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા અને અસંતોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર મુદ્દાને લઈ કતારગામ TP સંઘર્ષ સમિતિ દ્વારા વિસ્તારના પ્રતિનિધિઓ તથા સામાજિક આગેવાનોની ઉપસ્થિતિમાં માનનીય ભારતીય જનતા પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ તથા સાંસદશ્રી સી.આર. પાટીલ સમક્ષ વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆત દરમિયાન રહેવાસીઓની વાસ્તવિક મુશ્કેલીઓ, વિકાસ કાર્યમાં થતી અડચણો તેમજ વર્ષોથી વસવાટ કરતી વસાહતોના નાગરિક હકોને અસર કરતી પરિસ્થિતિઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી. માનનીય સી.આર. પાટીલશ્રીએ સમગ્ર મુદ્દાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ, નાગરિકોના હિતમાં યોગ્ય અને ન્યાયસંગત નિર્ણય લેવાય તે હેતુસર આગામી સાત દિવસની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ મુદ્દો રજૂ કરવાની સ્પષ્ટ બાંહેધરી આપી છે. સાથે જ તેમણે રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરીને વ્યવહારુ ઉકેલ લાવવાની ખાતરી પણ આપી છે.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ખાતે મલ્ટીડિસિપ્લિનરી વર્કશોપ

## કેમ્પસની જૈવવિવિધતાનું ડોક્યુમેન્ટેશન



સુરત, તા.૧૨

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના (VNSGU) બાયોસાયન્સ વિભાગ અને ફાઈન આર્ટ્સ વિભાગ દ્વારા પાંચ દિવસીય મલ્ટીડિસિપ્લિનરી વર્કશોપ "Capturing Campus: Biodiversity Hands-on Photography and Digitalization Training" નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. PM-USHA MERU સોફ્ટ કમ્પોનન્ટ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમ ૬ જાન્યુઆરી થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાયો હતો, જેનો મુખ્ય હેતુ વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને કલાત્મક અભિવ્યક્તિનો સમન્વય કરવાનો હતો.

આ ક્ષેત્રના નિષ્ણાત મેન્ટર્સ જેવા કે ડૉ. જય પંડ્યા, શ્રી અમિત જારીવાલા, શ્રી ધ્રુવિન જૈન, શ્રી ભૂપત જેબલિયા, શ્રી ઉમંગ ગજ્જર અને શ્રી અમન અગ્રવાલ ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કેમ્પસની સમૃદ્ધ ઈકોલોજીકલ વિવિધતાને કેમેરામાં કેદ કરી હતી. આ ટ્રેનિંગ દરમિયાન વિદ્યાર્થીઓને મોબાઈલ, પ્રોફેશનલ DSLR કેમેરા અને માઈક્રોસ્કોપના માધ્યમથી કેમ્પસના Flroa & Fauna (વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ), પક્ષીઓ, જીવજંતુઓ તેમજ સ્થાનિક અને ઔષધીય છોડની ફોટોગ્રાફીનું Hands-on શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ Digitalization અભિગમ દ્વારા વિદ્યાર્થીઓએ કેમ્પસને એક નવી નજર અને પરિપ્રેક્ષ્યથી નિહાળ્યું હતું. આ વર્કશોપનું આયોજન કન્વીનર ડૉ. કૈલાશ પટેલ (Head, Dept. of Bio Science) અને કો-કન્વીનર શ્રી

અનુસંધાન પાના ૭ પર

# પારદેશ્વર મંદિરે પૂજા અર્ચના કરતા કેન્દ્રીય જળ મંત્રી સી.આર. પાટીલ

સુરત, તા.૧૨

આસ્થા, શક્તિ અને સ્વાભિમાનના ૧૦૦૦ વર્ષની ભવ્ય ઉજવણી એટલે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'. દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ ઐતિહાસિક પર્વના ભાગરૂપે સમગ્ર રાજ્યમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે જેમાં આજ રોજ પારદેશ્વર મહાદેવ મંદિર પાલ આરટીઓ પાસે પાલ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબ ઉપસ્થિત રહી શિવલિંગ પર જળ અભિષેક કરી પૂજા અર્ચના કરી હતી અને ત્યારબાદ ભક્તો દ્વારા ચાલી રહેલ શિવ ધૂન માં પણ ભાગ લીધો હતો મંદિર પરિસરમાં સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયુ હતું આ પ્રસંગે શહેર પ્રમુખ શ્રી પરેશ પટેલ સાંસદ



શ્રી મુકેશભાઈ દલાલ મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ નગરસેવક શ્રી ઓ વોર્ડ પ્રમુખ શ્રી ઓ મહામંત્રી શ્રી ઓ સહિત મોટી સંખ્યામાં ભાવિક ભક્તો જોડાયા હતાં

# સ્વચ્છ ભારતમાં યુવાનોની ભૂમિકા મહત્વની છે : પ્રો.જશુભાઈ નાયક

## નવસારીમાં વિદ્યાર્થીઓ માટે હેતુલક્ષી શિબિર યોજાયો

નવસારી, તા.૧૨

''રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિ અને શિબિરોના માળખા બદલાયા છે.બાવળા ટાઈપ જાજરૂના ખાડા કે ગોબર ગેસનું સ્થાપનના દિવસો ગયા છે.છતાં ગરીબ દર્દીઓની સેવા,જાહેર સ્મારકોની મુલાકાત અભ્યાસ અને તેની સફાઇ,વૃક્ષ બચાવો અભિયાન ભૂલી જવાના નથી.આ યોજનામાં સંવેદના અગ્રસ્થાને છે.'' આ શબ્દો ડી.ડી.ગર્લ્સ હાઈસ્કુલ નવસારીના કામેશ્વર મહાદેવ મંદિર ગડતમાં ''સ્વચ્છ ભારતમાં યુવાનોની ભૂમિકા''હેતુલક્ષી શિબિરમાં આ યોજનાના ભીષ્મપિતામહ સમા પ્રા.જશુભાઈ નાયકે શિબિરાર્થીઓને સંબોધતા જણાવ્યા હતા.વધુમાં ઉમેર્યું હતું કે પ્લાસ્ટીક વપરાશ અને આડેધડ ફેંકવાથી પાણી દુષિત થયા છે.મધ્યપ્રદેશનું ઈન્દોર શ્રેષ્ઠ શહેરો માં નું એક-દુષિત પાણીથી ૧૫૦૦ થી વધુ બિમાર થાય અને ૨૦ થી વધુ નાગરિકોના મોત થાય એ શરમજનક છે.સમગ્ર દેશમાં દુષિત પાણીથી ૬૦ કરોડ લોકો જોખમમાં છે.દર વર્ષે આ પાણીથી ૨ લાખ લોકો મૃત્યુ પામે છે.દુષિત પાણીના વપરાશ ના ૧૨૨ દેશોમાં આપણે પણ છીએ.દેશમાં ૮૫ ટકા પીવાનું પાણી ભુગર્ભ જળ ઉપર આધારિત છે.વર્ષ ૨૦૨૩ નો અભ્યાસ કહે છે ૧૯.૮ ટકા પાણીના નમુનામાં નાઈટ્રેટનું પ્રમાણ વધુ હતુ. આ ઝેરી તત્વ છે.

ગુજરાતમાં પણ અમદાવાદ,કચ્છ,મહેસાણા,સુરત અને ભરૂચ જિલ્લાનું પાણી દુષિત છે.આ પાણીના સેમ્પલોમાં બેકટેરીયા,ઈકોલીક્ષાર,ખનીજ દ્રવ્યો જણાયા છે.દાંત-કીડનીના રોગો આથી થાય છે.ગુજરાતના વિકસિત શહેરોમાં પણ પાણીની પાઈપ લાઈન જૂની-

અનુસંધાન પાના ૭ પર




# વલસાડના ધારાસભ્ય ભરત પટેલે દ્વારા કરૂણા અભિયાનનો આરંભ

## તા.૨૦મી સુધી કરૂણા અભિયાન હાથ ધરાશે

વલસાડ, તા.૧૨

તા. ૧૦ જાન્યુઆરી, ઉતરાયણ પર્વની ઉજવણી દરમિયાન ઘાયલ થતાં અબોલ પક્ષીઓની સારવાર- બચાવ કાર્ય માટે રાજ્ય સહિત વલસાડ જિલ્લામાં તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન હાથ ધરાયું છે. આ અભિયાન અંતર્ગત વલસાડ ખાતે ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ દ્વારા મકરસંક્રાંતિના પર્વ દરમિયાન ઘવાયેલા પક્ષીઓને બચાવવા માટે કરુણા અભિયાન–૨૦૨૬નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વલસાડ જિલ્લાના નોડલ અધિકારી તથા નાયબ વન સંરક્ષક શ્રી રોહિતભાઈ આર. ચૌધરી, પશુચિકિત્સક અધિકારી તથા એનિમલ રેસ્ક્યુ ટીમના સભ્યો શ્રી અમિત પટેલ અને શ્રી મહેશ તોલાણી તેમજ રેસ્ક્યુ ફાઉન્ડેશન તરફથી શ્રી કૃણાલ પાટીલ, શ્રી ધીરેન્દ્રભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વલસાડ પરિક્ષેત્રના વન અધિકારી શ્રી રમેશભાઈ ગાવિત, શ્રીમતી હેતલબેન ભંડારી, વન વિભાગના કર્મચારીઓ તેમજ વિવિધ એનજીઓના સ્વયંસેવકો પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



# વાંસદાના સરા ગામે સર્વરોગ નિદાન- સારવાર કેમ્પ યોજાયો

નવસારી, તા.૧૨

સરા ગામના સરપચ શ્રી કેળકછ ગામના સરપચ શ્રી અને શેઠ. શ્રી. સી. પી. દેસાઈ હાસ્કુલ સરા તથાશિવમ હોસ્પિટલ હનુમાન બારી. વાંસદા ના સોજન્ય થી કેમ્પ માં સેવા આપનાર ડોક્ટર શ્રી ડો.મિનીષ પટેલ. ડૉ ધર્મેશ પાડવી. ડૉ તેજસ પટેલ. ડૉનેસદ પટેલ ડૉ જીજ્ઞાસ પટેલ ડૉ મેહુલ પટેલ ડૉ ભાવિક પટેલ ડૉ સિવાની પટેલ અને ડૉ વિભૂતિ પટેલ . આ ડોક્ટર નૌ સહયોગ જેમાં વાંસદા તાલુકા ના આજુબાજુ ગામના લોકો યે લાભ લીધો તેમાં સર્વ રોગ નિદાન મફત કેમ્પ માં કુલ ૧૭૦ કેસ નોંધાયા.




# નવી રોજગાર ગેરેન્ટી યોજના વધુ સકારાત્મક છે : કેન્દ્રીય મંત્રી પાટીલ

## G-Ram-G વિશે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલની પ્રેસ કોન્ફરન્સ

સુરત, તા.૧૨

વિકસિત ભારત G-Ram-G વિશે વાત કરતા કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલ સાહેબે જણાવ્યું હતું કે આ યોજનાના ઘણા બધા સકારાત્મક પાસા છે . તેમણે અગાઉની મનરેગા યોજના કરતાં આ નવી VB G-Ram-G યોજના કેવી રીતે વધારે સારી અને સકારાત્મક છે તે વિશે જણાવતા કહ્યું હતું કે મનરેગામાં ૧૦૦ દિવસ કામની ગેરંટી હતી જ્યારે આ VB G-Ram-G યોજનામાં ૧૨૫ દિવસ કામની ગેરંટી આપવામાં આવી છે. મનરેગામાં ૧૫ દિવસે એકવાર વેતન ચૂકવવામાં આવતું હતું જ્યારે VB G-Ram-G યોજનામાં સાપ્તાહિક વેતન ચુકવણી વ્યવસ્થા કરવામાં આવી છે .

મનરેગામાં માત્ર મજૂરી કામ ઉપર જોર આપવામાં આવતું હતું જ્યારે VB G-Ram-G યોજનામાં કૌશલ્ય વિકાસ પર પણ જોર આપવામાં આવે છે . VB G-Ram-G યોજનામાં પારદર્શિતા છે , રીયલ ટાઈમ ડેટા અપલોડ , જીપીએસ અને મોબાઈલ આધારિત મોનિટરિંગ , બાયોમેટ્રિક અને AI ના ઉપયોગથી નકલી જોબકાર્ડથી અરજી લાભાર્થીઓ લાભ નહીં લઈ શકે . કોંગ્રેસ પાર્ટી પર પ્રહાર કરતાં તેમણે જણાવ્યું હતું કે ૧૯૮૦માં શ્રીમતી ઈન્દિરા ગાંધીજી દ્વારા બધી યોજનાને ભેગી કરીને યોજના બનાવવામાં આવી હતી અને શ્રી રાજીવ ગાંધી દ્વારા તેને મેરુ યોજનાનું નામ આપવામાં આવ્યું હતું .

વર્ષ ૨૦૦૪ માં પહેલા યુપીએ સરકાર દ્વારા પહેલા નરેગા યોજના બનાવવામાં આવી અને પછી વર્ષ ૨૦૦૫ માં તેનું નામ મનરેગા કરવામાં આવ્યું .

કોંગ્રેસ અત્યારે જે આંદોલન કરી રહી છે તે ભ્રષ્ટાચાર બચાવવાનો આંદોલન છે , કોંગ્રેસ પાર્ટી ને રામ નામથી કેટલી બધી એલર્જી છે તે દેશની જનતા જાણે છે, આમ કોંગ્રેસને રામ , ગામ અને કામ ત્રણેયથી તકલીફ છે . તેમણે જળ શક્તિ આંદોલન વિશે વાત કરતા જણાવ્યું હતું કે નળ સે જળ યોજના હેઠળ કરોડો લોકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે . પ્રધાનમંત્રી મોદીજી ની આગેવાની હેઠળની એનડીએ સરકારની વિકસિત ભારત ના નિર્માણના વિઝન સાથેની યોજનાઓ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા લોકોને ઘરનું ઘર , આયુષ્યમાન ભારત યોજના દ્વારા સ્વાસ્થ્યની ચિંતા , કોઈ ભૂખ્યું ન સુવે તે માટે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ય યોજના , શૌચાલય નિર્માણ , હર ઘર જળ , ઉજ્વલા યોજના , મુદ્રા યોજના દ્વારા બેન્ક એકાઉન્ટ જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે . અંતમાં તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ જ્યારે ગેરસમજ ફેલાવી રહી છે ત્યારે સાચી હકીકત લોકો સમક્ષ પહોંચાડવાનો ભારતીય જનતા પાર્ટીનો પ્રયાસ છે અને આ યોજના પારદર્શિતા સાથે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિકસિત ભારતના ધ્યેયને સાકાર કરવામાં મદદરૂપ બનશે.



# પ્રાયમરી ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસા.નો શતાબ્દી મહોત્સવ

## મંડળીની પ્રગતિ અને વિકાસયાત્રાનાં સહયોગી હોદ્દેદારોનું બહુમાન

સુરત, તા.૧૨

શિક્ષકોની આર્થિક સહયોગી એવી ઓલપાડ તાલુકા પ્રાયમરી ટીચર્સ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ.ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં તેનાં શતાબ્દી મહોત્સવની ઉજવણીનો ભવ્ય અને ગૌરવસભર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ અવસરે મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં.આ પ્રસંગે કાર્યક્રમનાં અધ્યક્ષ પૂર્વ મંત્રી અને ઓલપાડનાં ધારાસભ્ય એવાં મુકેશભાઈ પટેલે પોતાનાં પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે પ્રાથમિક શિક્ષકો સમાજની સાથે રાષ્ટ્રનાં આધારસ્તંભ છે.શિક્ષકો આર્થિક રીતે મજબૂત બનશે તો શિક્ષણ વ્યવસ્થા પણ વધુ સશક્ત બનશે.સહકારી સંસ્થાઓ શિક્ષકોને સ્વાવલંબી અને આત્મનિર્ભર બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે આ મંડળી દ્વારા શિક્ષકોનાં હિતમાં લેવાયેલ નિર્ણયોની પ્રસંસા કરી અને ભવિષ્યમાં પણ શિક્ષક કલ્યાણ માટે નવી પહેલો હાથ ધરવા પ્રોત્સાહન પૂરુ પાડ્યું હતું.

સદર કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ,જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમાર,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડો.અરૂણકુમાર અગ્રવાલ,ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિનભાઈ પટેલ, ઘી પુરૂષોત્તમ ફાર્મર્સ કોટન મંડળીનાં પ્રમુખ મનહરભાઈ પટેલ તથા સુ.ડી.કો.ઓ.બેંકનાં ચેરમેન બળવંતભાઈ પટેલે ઉપસ્થિત રહીને પ્રસંગ અનુરૂપ પ્રવચન રજૂ કરી મંડળીની ઉત્તરોતર પ્રગતિ માટે શુભેચ્છા પાઠવી હતી. શતાબ્દી મહોત્સવની ઉજવણીનાં ભાગરૂપે મંડળીનાં સ્થાપકો, પૂર્વ પ્રમુખો સહિત નિવૃત્ત અને સેવારત સેક્રેટરીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. ઉજવણી દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે મોમેન્ટો, ગિફ્ટ વાઉચર તથા શતાબ્દી સ્મરણિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રારંભે છેલ્લાં ૨૧ વર્ષથી અવિરત

અનુસંધાન પાના ૭ પર

# સાયણ કેળવણી મંડળ સંચાલિત શાળાઓનો ઈનામ વિતરણ સમારંભ

## બાળ મંદિરથી ધો.૧૨ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કારો અપાયા

સુરત, તા.૧૨

શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ, સાયણ સંચાલિત ડી. આર. જી. ડી. સાર્વજનિક વિદ્યાલય તથા એમ. એલ. મહેતા પ્રાથમિક વિભાગ સાયણ તથા બા.ડા.પટેલ શિશુભવન શ્સા.વિ.સ.ખાંડ ઉધોગ મંડળી લી.



બાલભવન સાયણ માં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ વર્ષ:- ૨૦૨૫/૨૬ ની શાનદાર ઉજવણી થઈ હતી.

આ કાર્યક્રમ તારીખ ૦૧/૦૧/૨૦૨૬ ને શનિવાર ના રોજ શાળા ના પટાંગણ માં ઉજવવામાં આવ્યો હતો. માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. શ્રી સાયણ વિભાગ કેળવણી મંડળ,શાળાપરિવાર તથા દાતારશ્રીઓ ના સહયોગ થી બાલમંદિર વિભાગ થી ધોરણ ૧૨ સુધીના પ્રથમ / દ્વિતીય આવનાર તેજસ્વી તારલાઓને સન્માનિત કરી વિદ્યાર્થીઓને પારિતોષિક અર્પણ કરવામાં આવ્યા હતા બાલમંદિર થી ધોરણ ૧૨ સુધીમાં સમગ્ર વર્ગોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને દેલાડના સ્વ.નટવરભાઈ નાથુભાઈ પટેલ ના સ્મરણાર્થે પરિવાર દ્વારા, તેમજ દેલાડ ગામના શ્રીમતી રમીલાબેન પટેલ તથા શ્રીમતી મંજુલાબેન પટેલના પરિવાર તરફથી સમગ્ર વર્ગમાં દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓને તથા સાયણ ના સ્વ. જાનકીલાલ શાહ તથા

અનુસંધાન પાના ૭ પર

# સુવાલી ખાતે માં ૪.૬૫ લાખથી વધુ સહેલાણીઓએ ફેસ્ટિવલની મજા માણી

સુરત, તા.૧૨

રાજ્યના પ્રવાસન નિગમ અને સુરત જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે તા.૯ થી ૧૧ જાન્યુ. દરમિયાન આયોજિત સુંવાલી બીચ ફેસ્ટિવલે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે. છેલ્લા બે ફેસ્ટિવલની સરખામણીએ ત્રીજા વર્ષે લાખ્ખોની સંખ્યામાં સુરતના સહેલાણીઓએ સુંવાલી બીચ ફેસ્ટિવલમાં વિવિધ આયોજનની મજા માણી હતી.



ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ સુંવાલીના દરિયાકાંઠે જાણે માનવમહેરામણ ઉમટી પડ્યું હતું અને સૌએ આનંદથી ઉજાણી કરી હતી એમ જણાવતા ધારાસભ્ય સંદીપ દેસાઈએ કહ્યું કે, સુંવાલી બીચ ફેસ્ટિવલ લોકોએ અભૂતપૂર્વ પ્રતિસાદ આપ્યો છે. છેલ્લા બે આયોજનમાં ઉમટી પડેલ માનવમહેરામણથી પણ વધુ આ વર્ષે સહેલાણીઓએ ફેસ્ટિવલની મજા માણી છે. નવા વર્ષની શરૂઆતે સુરતની જનતાને આનંદ ઉલ્લાસ થાય અને મોજ પડી જાય તે માટે પણ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીને રજૂઆત કરતા આ વર્ષે પણ વૈવિધ્યપૂર્ણ સવલતોથી પરિપૂર્ણ અને સાંસ્કૃતિક કાર્યક્રમોના સમન્વયથી સુંવાલી બીચ ફેસ્ટિવલનું સફળ આયોજન પાર પડ્યું છે.

તેમણે ઉમેર્યું કે, કેન્દ્રીય જળ શક્તિમંત્રી શ્રીસી. આર. પાટીલે પણ સ્થાનિક નાગરિકો માટે રોજગારીની તકો વધુ ને વધુ સર્જાય તેવા પ્રયાસો કરી વિકાસને વેગ આપવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ બીચ ફેસ્ટિવલમાં મુખ્ય આકર્ષણો પૈકી સાંસ્કૃતિક

અનુસંધાન પાના ૭ પર


## સુંવાલીના દરિયાકાંઠે ઉમટ્યા લાખો સહેલાણીઓઃ ત્રણ દિવસના બીચ ફેસ્ટીવલના આયોજનને ઉમળકાભેર વધાવ્યું

# ડો. અતુલ પાઠકજીને સાહિત્ય સુધારક પદવી અર્પણ કરાઈ

## સુરતના નામાંકિત સાહિત્યકાર, ઈતિહાસકારનું રાજસ્થાનમાં સન્માન

સુરત, તા.૧૨

અત્રે રાજસ્થાનમાં "સાહિત્ય મંડળ પરિવાર, નાથદ્વારા (રાજસ્થાન)" દ્વારા શ્રી મદનમોહન શર્માના પ્રમુખપદે આયોજિત ત્રણ દિવસના "શ્રી ભગવતીપ્રસાદ દેવપુરા સ્મૃતિ રાષ્ટ્રીય સાહિત્ય સમારોહ" માં "ભારત - સોવિયેટ મૈત્રી", "નિડર છે લાભાઈ", "શિક્ષણનો સાથી" અને "મોહનલાલ પાર્વતીશંકર દવેની જીવનસફર" સહિત વૈવિધ્યપૂર્ણ વિષયો ઉપર ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં ૪૦ જેટલાં પુસ્તકો લખનાર ગુજરાતના વિદ્વાન સાહિત્યકાર, ઈતિહાસકાર તેમજ ભાષાંતરકાર, ઈ.સ. ૧૯૬૦ થી રાષ્ટ્રભાષા હિન્દીનાં પ્રચાર - પ્રસાર કાર્ય સાથે સંકળાયેલા અને શૈક્ષણિક ક્ષેત્રની અનેક મહત્વપૂર્ણ સંસ્થાઓ સાથે સંકળાયેલા રોટેરિયન ડૉ. અતુલભાઈ પાઠકજીને તેમનાં સાહિત્ય ક્ષેત્રનાં અનુપમ યોગદાન બદલ "ડૉ. કે. આર. કલ્યાણરામન્ રાષ્ટ્રીય ઍવૉર્ડ - ૨૦૨૬" અને "સાહિત્ય સુધારક" ની માનદ પદવી અર્પણ કરવામાં આવી છે.



સાહિત્ય ક્ષેત્રે ડૉ. અતુલભાઈ પાઠકજી "ગુજરાત રાજ્ય પ્રગતિશીલ લેખક સંઘ, અમદાવાદ" ના પ્રિસિડિયમના સભ્ય, "ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર" ના ઉપપ્રમુખ અને "ગુજરાત લોકસાહિત્ય સંઘ, અમદાવાદ" ના ઉપપ્રમુખ છે આ ઉપરાંત તેઓ "આંતરભારતીય સાહિત્યબંધુત્વ મંચ, અમદાવાદ"ના પણ ઉપપ્રમુખ છે.

ડૉ. અતુલભાઈ પાઠકજીએ

અનુસંધાન પાના ૭ પર

# રૂપિયા પાંચ લાખથી વધુની નકલી ચલણી નોટ સાથે પુણાનો રત્ન કલાકાર ઝડપાયો



## પરેશ હડીયાની ધરપકડ કરતી એસઓજી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

હીરા નગરી સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે છેલ્લા ૧૦ વર્ષથી સુરતમાં સ્થાયી થયેલા અને હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા એક રત્નકલાકારને પોલીસે રૂપિયા ૫.૦૩ લાખની કિંમતની બનાવટી(નકલી) ભારતીય ચલણી નોટો સાથે ઝડપી પાડ્યો છે. આરોપી પોતાની હીરા મજૂરીની આડમાં છેલ્લા એક વર્ષથી આ કાળા કારોબારમાં સંડોવાયેલો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે

પકડાયેલ આરોપી પરેશ પુનાભાઈ હડીયા (ઉંમર ૨૭ વર્ષ) મૂળ અમરેલી જિલ્લાના સાવરકુંડલાના ઘાંડલા ગામનો વતની છે અને હાલ પુણાગામ વિસ્તારમાં રહે છે. તે છેલ્લા ૬ વર્ષથી વરાછાની જાણીતી હીરાની કંપનીમાં કામ કરતો હતો. તે ખાસ કરીને ભીડભાડવાળી જગ્યાઓ જેવી કે શાકમાર્કેટની લારીઓ, નાના ગલ્લાઓ અને છૂટક દુકાનદારોને નિશાન બનાવતો હતો, જેથી ભીડના લાભમાં કોઈ તેની નકલી નોટો પારખી ન શકે.

પોલીસે આરોપી પાસેથી કુલ રૂપિયા ૫,૫૫,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં રૂપિયા ૫,૦૩,૫૦૦ની નકલી નોટો, એક મોટોરોલા કંપનીનો મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલ હોન્ડા સાઈન મોટરસાયકલ (GJ05LU૫૪૮૦)નો સમાવેશ થાય છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ નકલી નોટોનો જથ્થો આરોપી ક્યાંથી લાવતો હતો અને તેની સાથે અન્ય

અનુસંધાન પાના ૭ પર



યુગપુરુષ સ્વામી વિવેકાનંની જન્મ જયંતિ નિમિત્તે નાનપુરા ખાતે સ્વામી વિવેકાનંદની પ્રતિમાને મેયર દક્ષેશભાઈ માવાણી દ્વારા શ્રદ્ધા સુમન અપર્ણ કરાયા હતા.

# સરથાણામાં આધેડ દુકાનદાર દ્વારા છ વર્ષની બાળા સાથે દુષ્કર્મ

### દુકાનમાં માસુમ બાળકીને પીંખી નાખનાર હવસખોર વિનોદ અણઘણની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

સરથાણા વિસ્તારમાં કોસ્મેટીક પ્રોડક્ટનું વેચાણ કરતા ૫૬ વર્ષિય આધેડે ૬ વર્ષિય માસુમ બાળકીને પોતાની દુકાનના ટેબલ પર બેસાડી પટાવી ફોસલાવીને તેની સાથે દુષ્કર્મ કર્યું હોવાની ફરીયાદ સરથાણા પોલીસ મથકે ગઈકાલે સાંજે નોંધાતા પોલીસે આરોપીની તાત્કાલિક ધરપકડ કરી લીધી હતી. બપોર બાદ આરોપીને કોર્ટમાં રજુ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. માસુમ બાળકી સાથે દુષ્કર્મ ગુજનાર આધેડ વિનોદ અણઘણ સરથાણા વ્રજભુમી ટાઉનશીપ ખાતે રહે છે. આ મામલે પોલીસે બળાત્કારનો ગુનો નોંધ્યો છે.

સરથાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર સરથાણા વ્રજભુમી ટાઉનશીપમાં રહેતો વિનોદ અણઘણ ઉ.વ.૫૬ તેના ઘર નજીક જ તેલ શેમ્પુ સહિતની કોસ્મેટીક પ્રોડક્ટ વેચવાનું કામ કરે છે. દરમિયાન ગઈકાલે સાંજના સમયે હવસ ભુખ્યા આધેડ વયના વિનોદ અણઘણે તેની દુકાન નજીક આવેલી એક ૬ વર્ષિય બાળકીનો પટાવી ફોસલાવીને દુકાનમાં બોલાવી હતી અને તેને ટેબલ પર બેસાડ્યા બાદ તેની સાથે અડપલા કરી દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે બાળકીના પરિવારને જાણ થતા સરથાણા પોલીસ મથકમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો. પોલીસે આધેડ વિનોધ અણઘણની ધરપકડ કરી લીધી હતી.

# ગોડાદરામાં તાવના કારણે બે માસની બાળકીનું મોત

### છેલ્લા ત્રણ દિવસથી બાળકી બિમાર હતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

શહેરના ગોડાદરા વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં માત્ર બે મહિનાની માસૂમ બાળકીનું તાવના કારણે મોત નીપજ્યું છે. ગોડાદરાના દેવીકૃપા રો-હાઉસમાં રહેતા અને મજૂરી કામ કરતા લલિતભાઈ જોશીની પુત્રી હિનલને છેલ્લા ત્રણ દિવસથી શરદી, ખાંસી અને તાવની ફરિયાદ હતી.

પરિવારે બાળકીને ખાનગી હોસ્પિટલમાં બતાવી દવા પણ અપાવી હતી, પરંતુ તેની તબિયતમાં કોઈ સુધારો થયો નહોતો. ગઈકાલે બપોરે હિનલની હાલત વધુ બગડતા તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી. માસૂમ બાળકીના અકાળે અવસાનથી શ્રમજીવી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

### પતંગ રસીકો માટે આનંદના સમાચાર

# ૧૪એ સુરતમાં આખો દિવસ ૧૧થી ૧૫ કિમીની ઝડપે પવન ફુંકાશે

### ઉત્તરાયણના દિવસે સુરતમાં તેજ પવન પતંગને ચારી આપશે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

ઉત્તારાયણનું પર્વ નજીક આવતા જ પતંગરસિયાઓના મનમાં એક જ સવાલ હોય છે કે, પતંગ ચગાવવા માટે પવન કેવો રહેશે?. આ વર્ષે ઉત્તારાયણના દિવસે પતંગ ચગાવવા માટે પતંગરસિયાઓએ ચિંતા કરવાની જરુર નથી. હવામાન નિષ્ણાંતના જણાવ્યા અનુસાર ઉત્તરાયણના દિવસે પતંગ ચગાવવા માટે પવનની ગતિ સાનુકૂળ રહેશે. જાણકારોના મતે સામાન્ય પતંગ ચગાવવા માટે પ્રતિકલાક ૫ કિમીની ઝડપે ફૂંકાતા પવનની જરુરિયાત રહે છે.ઉત્તરાયણના પર્વને હવે બે દિવસ બાકી રહ્યા છે. ત્યારે પતંગરસિકો માટે આનંદના સમાચાર એ છ કે, આ વર્ષે પતંગ ચગાવવા માટે વધુ ઠુમકા લગાવવા નહીં પડે. રાજ્યમાં પવનની ગતિ સામાન્ય અને પતંગ ચગાવવા માટે અનુકૂળ રહેવાની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાંત અંકિત પટેલના જણાવ્યા મુજબ સામાન્ય પતંગ ચગાવવા માટે પવનની ગતિ પ્રતિકલાક ૫ કિમીની હોવી જરુરી છે. આ વર્ષે ઉત્તરાયણના દિવસે મોટાભાગના શહેરોમાં પવનની ગતિ ૫ કિમી કે તેનાથી વધુ રહેવાની શક્યતા હોય પતંગબાજોએ પતંગ ચગાવવામાં તકલીફ નહીં પડે.

અનુસંધાન પાના ૭ પર

# રાજકોટની અદાલતમાં સુરતના આરોપીના જામીન મંજુર કરાયા

### કરન્સી ટ્રાન્સફર કરવાના નામે ૯ લાખની ઠગાઈનો કેસ કરાયો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

કરન્સી ટ્રાન્સફર કરી આપવાનું જણાવી રૂ.૯ લાખની છેતરપિંડી કરવાના કેસમાં રાજકોટ કોર્ટે સુરતના એક આરોપીના જામીન મંજુર કર્યા હતા.

આ કેસની વિગત અનુસાર રાજકોટના જસદણ ગામ ખાતે રહેતા મિલનભાઈ શાંતીભાઈ મણીયાર લોન કન્સ્લટીંગ અને ટુર પેકેજના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તે વિદેશમાં જતા ટુરીસ્ટોને કરન્સી કન્વર્ટ કરી આપવાનું કામ કરે છે. દરમિયાન એક વર્ષ પહેલા મિલન મણીયારને કરન્સી કન્વર્ટની જરૂરીયાત ઉભી થતા તેણે તેના મિત્ર મારફતે સુરતના ભાગળ મેઈન રોડ એર ઈન્ડીયા ઓફીસ પાસે કોર્ટ શેરીમાં રહેતા સંજય ઉર્ફે રાહુલભાઈ જરીવાલા ઉ.વ.૪૫નો સંપર્ક કરીને તેનો આંગડીયા મારફેત રૂ.૯ લાખ મોકલી આપ્યા હતા. જોકે આ રૂપીયા વિદેશી કરન્સીમાં ટ્રાન્સફર કરી જસદણ મોકલાયા ન હતા. દરમિયાન વાયદા બતાવતા રહેતા સંજય જરીવાલા સામે જસદણ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. આ કેસમાં સંજય જરીવાલાએ રાજકોટ કોર્ટમાં એડવોકેટ નયન બી.રાજપુત મારફતે કરેલી રેગ્યુલર જામીન અરજી કોર્ટે બંને પક્ષની દલીલો બાદ મંજુર કરી હતી.

## રાંદેરમાં લોખંડની પાઈલ વડે એક પર કરાયેલો હુમલો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

રાંદેર શ્રીજીનગરીની સામે આવેલા ભંગારની દુકાન પાસે જાહેરમાં રીક્ષા ખસેડવા બાબતે ત્રણ જણાએ એક વ્યક્તિને લોખંડના પાઈપથી માર મારી હત્યાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે રાંદેર પોલીસ મથકમાં ભોગબનનારની પત્ની દ્વારા ગુનો નોંધાવાયો હતો.

રાંદેર પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર રાંદેર શ્રીજીનગરી વિસ્તારમાં રહેતા એક યુવકે કાલુ, અનીલ તેમજ સન્ની નામના ત્રણ રીક્ષા ચાલકોને તેમની રીક્ષા ખસેડવાનું કહેતા ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયા હતા અને યુવકને લોખંડના પાઈપ

અનુસંધાન પાના ૭ પર

# દાખલ નહીં થયેલા દર્દીનો કલેઈમ મંજૂર કરવા ગ્રાહક કોર્ટનો આદેશ

### ડેન્ગ્યુ તાવની સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવું જરૂરી નવી : કોર્ટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

કિશોર ભાઈ વિરાણી એ Aditya Birla Health વીમા કંપની ની પોલિસી વર્ષ ૨૦૨૨ મા લિધેલ. ત્યાર પછી વર્ષ ૨૦૨૩ મા કિશોર ભાઈ વિરાણી ના પુત્રને ડેંગુ તાવ આવતા, ખાંનગી હોસ્પિટલ મા સારવાર માટે દખાલ કરેલ હતા. હોસ્પિટલ થી પુત્ર ની સારવાર પૂર્ણ થયા પછી કિશોર ભાઈ વિરાણી એ વીમા કંપની મા ક્લેમ કરેલ અને વીમા કંપની દ્વારા તેમનો ક્લેમ દર્દી ને "દખાલ કરવાની ÍÁh નથીના" કારણ થી નામંજુર કરવામા આવેલ. ત્યાર પછી કિશોર ભાઈ વિરાણી, તેમા વકીલ પવન યાદવ મારફત ગ્રાહક સુરક્ષા કોર્ટ મા વીમા કંપની સામે ફરીયાદ દાખલ કારેલ. કોર્ટ દ્વારા બને પક્ષ ને સાંભળી ને કિશોર ભાઈ વિરાણી ના પક્ષ માં ચૂકાદો આપેલ કે દર્દી નો ડેન્ગ્યુ નો રિપોર્ટ પોઝીટીવ છે અને દર્દી હોસ્પિટલ મા ૨૪ કલાક થી વધારે દાખલ રહેલ છે, જેથી આવા કારણસર તેમનો દાવો નામંજૂર કરી ના સકાય. અને ગ્રાહક સુરક્ષા કોર્ટ એ સેવાઓમાં ખામી અને અનૈતિક વ્યાપાર પધ્ધતિ ને ધ્યાન મા લઈ ને, ઈલાઝ માટે થયેલ ખર્ચ, વ્યાજ સાથે વીમા કંપની દ્વારા કિશોર ભાઈ વિરાણી ને ચુકવણી કરવાનો આદેશ કરવામા આવેલ.





આજે નવી સિવિલ ખાતે મેડિકલ કોલેજ ગ્રાઉન્ડ પર અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત અંગદાન મહાદાન જનજાગૃતિ અભિયાન અંતર્ગત પતંગ વિતરણ કાર્યક્રમ તથા સહસ્ત્રાફના પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ ગોપીપુરા તથા નર્સિંગ એસોસિએશન દ્વારા આયોજિત દોરીથી ઘાયલ પશુ પક્ષીઓન અને માનવ ઈજા માટેની હેલ્પલાઇન સેવા નો પ્રારંભ આદરણીય શ્રી દક્ષેશભાઈ માવાણી મેયર શ્રી દક્ષેશ માવાણી , તથા યુથ ફોર ગુજરાતના પ્રમુખ જીગ્નેશભાઈ પાટીલ તેમજ અન્ય મહાનુભાવો ની ઉપસ્થિતિ રહ્યા હતા. (તસ્વીર હનીફ મલેક)

# ઉત્તર દિશા તરફથી શિત લહેર ફુંકાતા સુરતમાં જોરદાર ઠંડી

### સુરમતાં આજે સવારે તાપમાન થોડું વધીને ૧૪.૪ ડીગ્રી નોંધાયું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૨**

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસથી જોરદાર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. દરમિયાન આજે સોમવારે વહેલી સવારે સુરતના તાપમાનમાં ૦.૪ ડીગ્રીનો વધારો થયો છે. ઉત્તર દિશાથી ૬ કિમીની ઝડપે પવન ફુંકાતા લોકો જોરદાર ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.

હવામાન વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ સુરતમાં આજે વહેલી સવારે તાપમાન થોડું વધીને ૧૪.૪ ડીગ્રી નોંધાયું છે. જે ગઈકાલે સવારે ૧૪.૦ ડીગ્રી હતું. એટલે કે આજે ૦.૪ ડીગ્રી તાપમાન વધ્યું છે. અને છેલ્લા ૨૪ કલાક દરમિયાન મહત્તમ તાપમાન ૩૦.૪ ડીગ્રી જણાવાયું છે. અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૧ ટકા છે.

સુરતમાં ઉત્તર દિશા તરફથી ૬ કીમીની ઝડપે ઠંડી પવન ફુંકાતા જોરદાર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.સુરતમાં શિયાળાની ઋતુની મધ્યમાં જોરદાર ઠંડી પડતા લોકોને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી છે.જાન્યુઆરી મહિનાની શરૂઆતથી જ ઠંડીનો ચમકારો જોવા મળી રહયો છે ત્યારે આ અઠવાડીયામાં હજી ઠંડીનું જોર વધે તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# શ્રી કરણ અદાણીએ ગુજરાતના રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૬માં આપેલ વક્તવ્ય

ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલજી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીજી, પ્રતિષ્ઠિત મંત્રીશ્રીઓ, વૈશ્વિક ઉદ્યોગપતિઓ, ભારત અને વિશ્વભરમાંથી પધારેલા મિત્રો, બહેનો અને ભાઈઓ

આદરણિય પ્રધાનમંત્રીશ્રી, આપના નેતૃત્વ હેઠળ, ભારતમાં ફક્ત કદમાં જ નહીં પરંતુ આપણી માનસિકતામાં પણ મૂળભૂત પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રને લાંબા ગાળાનું વિચારવાનું, ઘોષણોઓને બદલે સંસ્થાઓનું નિર્માણ કરવાનું અને વિકાસને પ્રકલ્પની હારમાળા તરીકે નહીં, પરંતુ સભ્યતાના મિશન તરીકે જોવાનું આપે શીખવ્યું છે. શાસન અને માળખાગત સુવિધાઓમાં સુધારાથી લઈને ભારતના વૈશ્વિક વિશ્વાસની પુનઃસ્થાપના કરવા સુધી લોકશાહીમાં નિર્ણાયક નેતૃત્વ કેવું દેખાય છે તેની આપે ફરીથી વ્યાખ્યા કરી છે. આજે ભારત ફક્ત વિકાસની કામના કરતું નથી — પરંતુ તે નેતૃત્વ કરવાનું, ધોરણો નક્કી કરવાનું અને વિશ્વના ભવિષ્યને આકાર આપવાની મહેચ્છા રાખે છે. અને આ ફિલસૂફીના જીવંત પુરાવા તરીકે ગુજરાત ઊભું છે કે જ્યાં દ્રષ્ટિ અમલીકરણ મારફત તાલમેલ સાધે છે અને મહત્વાકાંક્ષાને પ્રદાનનું પ્રચંડ સમર્થન છે.

ભારતના સૌથી વધુ ઔદ્યોગિક રીતે વિકસિત અને વૈશ્વિક સ્તરે જોડાયેલા રાજ્યોમાં આજે ગુજરાત સ્થાન ધરાવે છે. ગુજરાતના સંકલિત વિકાસનો ખરેખર અર્થ શું છે. તેનું દ્રષ્ટાંતરુપે આજે ભારતના જીડીપીમાં ગુજરાતનું આઠ ટકાથી વધુ યોગદાન, ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ૧૭ ટકા હિસ્સો, દેશના ૪૦ ટકા કાર્ગોનું તેના બંદરો દ્વારા સંચાલન અને




નવીનીકરણીય ઉર્જામાં એક અગ્રણી બની રહયાની હકિકતો સૌની નજર સામે છે

આ ઉપલબ્ધિ રાતોરાત પ્રાપ્ત થઈ નથી, આપના ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેના કાર્ય કાળમાં આપે સુશાસન અને અમલીકરણની સમાંતર ગતિ સાથે રાજ્યો ખરેખર રૂપાંતરિત થઈ શકે છે તે પુરવાર કરી બતાવ્યું છે. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'રાષ્ટ્રીય શબ્દભંડોળનો હિસ્સો બન્યું તે પહેલાં ગુજરાતે વ્યવહારમાં ઓછી ઝંઝટ, ઝડપી નિર્ણયો, મજબૂત સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકતા માટે ઊંડો આદરભાવની ભાવનાને અમલી બનાવી તેનો અર્થ શું છે તે દર્શાવ્યું છે.

આપ પ્રધાનમંત્રી તરીકે આ ફિલસૂફી સમગ્ર ભારતમાં લઈ ગયા છો પરિણામે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદ દ્વારા રાજ્યો વિકાસના એન્જિન બન્યા છે. મોટા પાયે માળખાગત સુવિધાઓનું નિર્માણ થવા સાથે નીતિગત સ્થિરતા પાછી આવી છે. અને ભારત આજે રોકાણ અને ઉત્પાદન માટે વિશ્વના સૌથી આકર્ષક સ્થળોમાંના એક તરીકે ઉભરી રહ્યું છે.

જ્યારે વૈશ્વિક અર્થતંત્ર અનિશ્ચિતતા અને વિભાજનનો સામનો કરી રહ્યું છે, એવા સમયે ભારત એક તેજસ્વી સ્થળ તરીકે ઉભરી રહેવા સાથે ૮ ટકાની નજીક વૃદ્ધિ પામી રહ્યું છે, ઉત્પાદનોના તેના આધારને વિસ્તારી રહ્યું છે, અને ભરપૂર આત્મવિશ્વાસ સાથે ઈ૫-ટ્રિલિયન અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

આ રાષ્ટ્રીય સફરમાં કચ્છ પરિવર્તનનું ખૂબ જ શક્તિશાળી પ્રતીક બની પ્રસ્તુત થયું છે.

એક સમયે અંતરિયાળ અને પડકારજનક મનાતું કચ્છ આજે ભારતના સૌથી વ્યૂહાત્મક ઔદ્યોગિક, લોજિસ્ટિક્સ અને ઉર્જા કેન્દ્રોમાંના એક તરીકે ઉપસી આવ્યું છે. અદાણી સમૂહ માટે, મુન્દ્રા અમારી કર્મભૂમિ છે. તે માત્ર ભારતનું સૌથી મોટું વાણિજ્યિક બંદર અને સંપૂર્ણ સંકલિત મલ્ટિમોડલ લોજિસ્ટિક્સનો ગેટવે નથી, પરંતુ ભારતના સૌથી મોટા કોપર સ્મેલ્ટર પ્લાન્ટ, કોલસાથી પીવીસી સંકુલ અને સૌર ઉત્પાદન સંકુલની ઈમારત પણ છે. લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી માત્ર પ્રદેશ જ નહીં, પરંતુ ઉદ્યોગો કેવી રીતે પરિવર્તન લાવી શકે છે તે મુન્દ્રાએ દર્શાવ્યું છે .

ખાવડામાં અમે ૩૭ ગીગાવોટ ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો નવીનીકરણીય ઉર્જા પાર્ક વિકસાવી રહ્યા છીએ. આ ફક્ત એક ઉર્જા પ્રકલ્પ નથી પરંતુ આર્થિક વિકાસ, હવામાન પ્રત્યેની જવાબદારી અને ઉર્જા સુરક્ષા એકસાથે આગળ વધી શકે છે તે દર્શાવતું ભારતનું વિશ્વ સમક્ષ નિવેદન છે.

અદાણી સમૂહ માટે ગુજરાત ફક્ત રોકાણનું રાજ્ય નહી પણ અમારો પાયો છે. અમારા ચેરમેન શ્રી ગૌતમ અદાણી, હંમેશા માનતા આવ્યા છે કે અમારા સમૂહનો વિકાસ રાષ્ટ્રના વિકાસથી અવિભાજ્ય રહેવો જોઈએ. આ ગુજરાત એ છે જ્યાંથી અમારી સફર શરૂ થઈ હતી, અને એ જ ગુજરાત છે જ્યાં અમારી લાંબા ગાળાની પ્રતિબદ્ધતા ટકી રહી છે.

આ પાયાના આધારે અદાણી સમૂહ આગામી પાંચ વર્ષમાં કચ્છ ક્ષેત્રમાં ?૧.૫ લાખ કરોડનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે અમારો ખાવડા પ્રકલ્પ પૂર્ણ કરીશું અને ૨૦૩૦ સુધીમાં ૩૭ ગીગાવોટ ક્ષમતા પૂર્ણ કરીશું, અને અમે આગામી દસ વર્ષમાં મુન્દ્રા ખાતે અમારી બંદર ક્ષમતા પણ બમણી કરીશું.આ દરેક રોકાણ ભારતની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ રોજગાર સર્જન, ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા, ટકાઉપણું અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા સાથે બંધ બેસે છે.ભારત જેમ જેમ વિક્સિત ભારત - ૨૦૪૭ તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ ગુજરાત આ રાષ્ટ્રીય પરિવર્તનનો આધારસ્તંભ બની રહેશે. અદાણી સમૂહ મજબૂત, આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે માનવંતા ભારતનું નિર્માણ કરવામાં વિશ્વસનીય ભાગીદાર બનવા માટે પ્રતિબદ્ધ છે.

તંત્રી લેખ...-

સોમવાર, તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૬

# સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું મહાકાર્ય કૉંગ્રેસીઓએ જ પાર પાડેલું

દેશમાં અત્યારે સોમનાથ સ્વાભિમાન પર્વનો માહોલ જામ્યો છે અને સોમનાથ મહાદેવના નામે દેશના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુ અને કૉંગ્રેસને ગાળો દેવાની મોસમ પણ પૂરબહારમાં જામી છે. સોમનાથ સ્વાભિમાનના નામે ભાજપના નેતા કૉંગ્રેસને હિંદુ વિરોધી ચિતરવા મચી પડ્યા છે. ભાજપે સત્તાવાર રીતે કહ્યું છે કે, કૉંગ્રેસે સોમનાથ મહાદેવનો વિરોધ કર્યો હતો પણ આ વાત સાવ ખોટી છે.

ભાજપનું કહેવું છે કે, સોમનાથનો વિરોધ કરવાથી માંડીને ભગવાન શ્રી રામના અસ્તિત્વનો ઈનકાર કરવા સુધીનાં કૉંગ્રેસનાં કૃત્યો એ વાતનો પુરાવો છે કે, કૉંગ્રેસ અને ખાસ તો નહેરુ-ગાંધી ખાનદાન હિંદુ વિરોધી છે. ભાજપે તો કૉંગ્રેસ પર ઐતિહાસિક તથ્યો અને દેશના સ્વાભિમાનની અવગણના કરવાનો આરોપ પણ મૂકી દીધો છે.

કૉંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણ કર્યું તેમાં બેમત નથી પણ કૉંગ્રેસે સોમનાથનો વિરોધ કરેલો એ વાત ઐતિહાસિક રીતે સાચી નથી. બલ્કે ભાજપ જે સોમનાથના નામે ચરી ખાવા નિકળ્યો છે એ સોમનાથના મંદિરનું પુનર્નિર્માણ કૉંગ્રેસીઓએ જ કરાવ્યું હતું એ ઐતિહાસિક હકીકત છે ને ભાજપ જેમને ગાળો આપે છે એ જવાહરલાલ નહેરુની સરકારે જ સોમનાથ મંદિરના પુનર્નિર્માણનો ઠરાવ પસાર કર્યો હતો.

બીજી ઐતિહાસિક હકીકત એ છે કે, જવાહરલાલ નહેરુના વિરોધ છતાં મંદિર નિર્માણનું કામ પાર પાડનારા પણ કૉંગ્રેસીઓ જ હતા. ભાજપ નહેરુને ગાળો આપે છે, કૉંગ્રેસને હિંદુ વિરોધી ચિતરે છે પણ કૉંગ્રેસ કે કૉંગ્રેસીઓના યોગદાનને યાદ નથી કરતી. સરદાર વલ્લભભાઈ પટેલનું નામ તો જખ મારીને લેવું પડે છે એટલે ભાજપ લે છે પણ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું મહાકાર્ય જેમના કારણે પાર પડ્યું એવા કનૈયાલાલ મુનશીથી માંડીને શામળદાસ ગાંધી સહિતના કૉંગ્રેસીઓને ભાજપના નેતા યાદ સુધ્ધાં નથી કરતા. રાજકીય સ્વાર્થમાં આ હદનું નગુણાપણું?

જનસંઘ તો એ વખતે અસ્તિત્વમાં નહોતો પણ ભાજપનું પિતૃ સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અસ્તિત્વમાં હતો. ભાજપ જેમને આરાધ્ય ગણીને અત્યારે પૂજે છે એ વિનાયક દામોદર સાવરકરની હિંદુ મહાસભા પણ અસ્તિત્વમાં હતી. ભાજપના પૂર્વાવતાર જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજી જવાહરલાલ નહેરુ સરકારમાં મંત્રી હતા ને હિંદુ મહાસભાના સભ્ય હતા. સંઘ કે હિંદુ મહાસભાએ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણમાં કોઈ યોગદાન નહોતું આપ્યું, જે યોગદાન આપ્યું એ કૉંગ્રેસીઓએ જ આપ્યું હતું.

સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું કામ હથ પર લેનારા સરદાર વલ્લભભાઈ પટેલ પણ કૉંગ્રેસી હતા અને સરદારના નિધન પછી આ કાર્યને પાર પાડનારા કનૈયાલાલ મુનશી પણ કૉંગ્રેસી હતા. મુનશી એ વખતે નહેરુ સરકારમાં ખાદ્ય અને કૃષિ મંત્રી હતા. સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે ગૃહ મંત્રાલયની સમિતિ રચી હતી. આ સમિતિના ચેરમેન તરીકે પણ કનૈયાલાલ મુનશી હતા. સૌથી મહત્ત્વની વાત એ છે કે, સોમનાથ મંદિરના પુનર્નિર્માણનો ઠરાવ સત્તાવાર રીતે જવાહરલાલ નહેરુ સરકારે પસાર કર્યો હતો.

સરદારે ૧૯૪૭ના નવેમ્બરમાં સોમનાથ મહાદેવના પુનર્નિર્માણની જાહેરાત કરી તેના લગભગ પખવાડિયા પછી મહાત્મા ગાંધીને આ નિર્ણયની જાણ કરી હતી. ગાંધીજીએ આ નિર્ણયને વધાવી લીધો હતો પણ સરકારી ખર્ચના બદલે લોકો પાસેથી દાન ઉઘરાવીને મંદિરનું પુનર્નિર્માણ કરવાની સલાહ આપી હતી. સોમનાથના પુનર્નિર્માણની વાતને ટેકો આપનારા ગાંધીજી પણ કૉંગ્રેસી જ હતા ને ?

સરદાર પટેલે આ સલાહ સ્વીકારી અને જામ સાહેબે દાન આપવાની જાહેરાત કરી પછી દાનનો પ્રવાહ શરૂ થઈ ગયો હતો તેથી નાણાંની કોઈ મુશ્કેલી પડી નહીં. નાનજી કાલિદાસ મહેતા સહિતના ગુજરાતીઓએ જંગી દાન આપ્યું તેથી સરકાર પાસેથી મદદ લેવાની જરૂર જ ના પડી એ છતાં ઉત્તર પ્રદેશની કૉંગ્રેસ સરકારે સ્વૈચ્છિક રીતે બહુ મોટું આર્થિક યોગદાન આપેલું.

ઉત્તર પ્રદેશ એ વખતે યુનાઈટેડ પ્રોવિન્સમાં હતું ને કૉંગ્રેસના ગોવિંદ વલ્લભ પંત મુખ્યમંત્રી હતા. પહેલાં યુનાઈટેડ પ્રોવિન્સ અને પછી યુપી સરકાર અને ઈન્ડિયન સુગર સિન્ડિકેટ વચ્ચે થયેલા કરાર પ્રમાણે, સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે સિન્ડિકેટ એક મણ ખાંડના વેચાણમાંથી છ આના એટલે કે ૪૦ પૈસા આપતી હતી. કૉંગ્રેસી મુખ્યમંત્રીએ સત્તાવાર રીતે સોમનાથ મંદિરના પુનર્નિર્માણ માટે લાખો રૂપિયા એકઠા કરી આપ્યા હતા. જવાહરલાલ નહેરુની ના છતાં મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહેનારા દેશના પહેલા રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ પણ કૉંગ્રેસી હતા. ડૉ. પ્રસાદ સાથે હાજર રહેલા સાત પ્રધાનો પણ કૉંગ્રેસી જ હતા.

જવાહરલાલ નહેરુએ સોમનાથ મંદિરના પુનર્નિર્માણનાં રોડાં નાંખેલો એવું ઈતિહાસ નથી કહેતો પણ ભાજપના નેતા કહે છે. સરદાર વલ્લભભાઈ પટેલના નિધન પછી નહેરુનું વલણ બદલાયું હતું એ સાચું છે પણ એ વલણ સરકારમાં બેઠેલા લોકો સોમનાથ મહાદેવના પુનર્નિર્માણમાં સામેલ થાય તેના વિરોધ પૂરતું મર્યાદિત હતું.

નહેરુએ સોમનાથ મહાદેવના પુનર્નિર્માણના કામને રોકવાનો કદી પ્રયત્ન નહોતો કર્યો કે, આ કામમાં રોકાયેલા લોકોની સાથે કિન્નાખોરી નહોતી બતાવી. સરદારના નિધન પછી સોમનાથ મહાદેવના પુનર્નિર્માણના મહાકાર્યને પાર પાડનારા કનૈયાલાલ મુનશી નહેરુ સરકારમાં મંત્રીપદે ચાલુ જ રહેલા. બલ્કે પછીથી નહેરુએ મુનશીને દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશના રાજ્યપાલ બનાવેલા.

સોમનાથ મહાદેવના પુનર્નિર્માણનું કાર્ય પૂરું થાય પછી પ્રાણપ્રતિષ્ઠા સરદારના હાથે થવાની હતી. સરદારના નિધનના કારણે મુનશીએ જવાહરલાલ નહેરુને નિમંત્રણ આપ્યું પણ તેમણે ઈનકાર કરી દીધો હતો એ વાત સાચી છે. મુનશીએ એ પછી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો સંપર્ક કર્યો ને ડૉ. પ્રસાદ હાજર રહેવાના હોય તો જ પોતે નિમંત્રણ આપશે એવી સ્પષ્ટ વાત કરી હતી.

ડૉ. પ્રસાદે હા પાડી પછી તેમને રોકવા નહેરુએ ભારે ધમપછાડા કરેલા એ વાત સાવ સાચી છે. સી. રાજગોપાલાચારી અને ડૉ. રાધાકૃષ્ણન સહિતના મહાનુભાવો તેમની સાથે જોડાયેલા પણ એ કૉંગ્રેસી નહોતા. કૉંગ્રેસમાંથી બહુ ઓછા લોકો નહેરુની સાથે હતા ને સામે મંદિરના કાર્યમાં સંખ્યાબંધ કૉંગ્રેસીઓ જોડાયેલા હતા એ જોતાં કૉંગ્રેસને કઈ રીતે સોમનાથ વિરોધી ગણી શકાય ? કૉંગ્રેસનાં પાપ ઓછાં નથી પણ જે કર્યું નથી તેનું આળ મૂકવું એ અનૈતિકતા કહેવાય.

નહેરુએ જે કર્યું એ બદલ કૉંગ્રેસને હિંદુ વિરોધી ગણી શકાતી હોય તો ભાજપને પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મોહમ્મદઅલી ઝીણાનો પ્રશંસક ગણી શકાય ? ભાજપના પ્રમુખ તરીકે લાલકૃષ્ણ અડવાણી પાકિસ્તાનમાં ઝીણાની કબર પર માથું ટેકવીને ફૂલ ચડાવી જ આવ્યા હતા ને ?સોમનાથ હિંદુ સ્વાભિમાન અને ગર્વનું પ્રતીક છે. તેને રાજકારણના કાદવથી ખરડીને ગંદુ કરવાની જરૂર નથી. ભાજપના નેતા દરેક વાતમાં મતબેંકનું રાજકારણ ઘૂસાડીને વિકૃત માનસિકતા બતાવી રહ્યા છે. કમ સે કમ સોમનાથ મહાદેવના મંદિરને તો આ વિકૃતિથી દૂર રાખો.

**મોટાભાગના દેશો તેમની સુરક્ષા માટે અમેરિકા પર મોટાપાયે નિર્ભર હોવાથી ઝડપથી વેપાર કરારો થયા છે**

# ભારત-અમેરિકા વેપાર કરારમાં વિલંબ થવા પાછળના અવરોધો અને કારણો

## ભારત-અમેરિકા કરારમાં આટલો સમય કેમ લાગી રહ્યો છે?

ભારત અને અમેરિકા બંનેએ અન્ય દેશો સાથે ઝડપથી કરારો કર્યા છે, પરંતુ તેઓ એકબીજા સાથે દ્વિપક્ષીય વેપાર કરાર પર કેમ હસ્તાક્ષર કરી શક્યા નથી. ભારતે છેલ્લા ચાર વર્ષમાં આઠ વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારો મોરેશિયસ, સંયુક્ત આરબ અમીરાત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ઓમાન, યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન, યુકે અને ઈન્ડો-પેસિફિક ઈકોનોમિક ફ્રેમવર્ક (IPEF) ના સભ્યો સાથે કરવામાં આવ્યા છે, જેમાં યુએસનો સમાવેશ થાય છે. અમેરિકાએ છેલ્લા છ મહિનામાં જાપાન, યુરોપિયન યુનિયન, યુકે, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, વિયેતનામ અને મલેશિયા સાથે પણ કરારો કર્યા છે. તો, ભારત-અમેરિકા કરારમાં આટલો સમય કેમ લાગી રહ્યો છે?

તેની પાછળ બે મુખ્ય કારણો છે, જેમાં પ્રથમ, મોટાભાગના દેશો જેમણે અમેરિકા સાથે ઝડપથી વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે તેઓ તેમની સુરક્ષા માટે અમેરિકા પર મોટાપાયે નિર્ભર છે. ભારત પાસે આવી કોઈ જવાબદારી નથી. બીજું, અમેરિકા -ભારત વેપાર કરાર વેપારથી આગળ વધી વ્યૂહાત્મક અને નીતિગત ક્ષેત્રો સુધી વિસ્તરે છે. આ બે પરિબળો આ વાટાઘાટોને જટિલ બનાવે છે અને સમજાવે છે કે કરાર ઘણા લોકોની અપેક્ષા કરતાં વધુ સમય કેમ લઈ રહ્યો છે.

જે દેશોએ અમેરિકા સાથે ઝડપથી વેપાર કરાર કર્યા છે તેમની એક સમાનતા છે. તેઓ બધા પોતાની સુરક્ષા માટે અમેરિકા પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, જાપાન અને દક્ષિણ કોરિયા અમેરિકાના ઔપચારિક સંધિ ભાગીદાર છે અને તેમની પાસે મોટી યુએસ લશ્કરી હાજરી છે. અમેરિકા સાથેના તેમના વેપાર સંબંધો સુરક્ષા નિર્ભરતા સાથે જોડાયેલા છે. યુરોપમાં પણ આવી જ પરિસ્થિતિ જોવા મળે છે. બ્રિટન નાટો દ્વારા અમેરિકાનો સૌથી નજીકનો વ્યૂહાત્મક ભાગીદાર રહ્યો છે. યુરોપિયન યુનિયનનો મોટો ભાગ, ખાસ કરીને રશિયાના યુક્રેન પર આક્રમણ પછી, અમેરિકાના લશ્કરી સમર્થન પર ભારે નિર્ભર છે. આવા કિસ્સાઓમાં, વેપાર વાટાઘાટો વ્યૂહાત્મક વિચારણાઓ દ્વારા આકાર પામે છે. તેથી, અમેરિકાની માંગણીઓ સામે ઝૂકવું એ એક પ્રકારની મજબૂરી છે. દક્ષિણપૂર્વ એશિયામાં પણ પરિસ્થિતિ સમાન છે. ફિલિપાઈન્સ સંયુક્ત સંરક્ષણ સંધિ દ્વારા બંધાયેલ છે. તાજેતરના વર્ષોમાં અમેરિકાની લશ્કરી હાજરીમાં વધારો થયો છે. થાઈલેન્ડ અમેરિકાની સુરક્ષા સ્થાપત્ય સાથે જોડાયેલો બીજો ભાગીદાર છે. આ દેશો માટે, વેપાર કરારો સુરક્ષા પરસ્પર નિર્ભરતામાં મૂળ ધરાવતા વ્યાપક ભૂરાજકીય વાટાઘાટોનો ભાગ છે.

બીજી બાજુ, ભારત તેની સુરક્ષા માટે અમેરિકા પર નિર્ભર નથી અને લશ્કરી દબાણ દ્વારા તેના પર દબાણ કરી શકાતું નથી. આ વ્યૂહાત્મક સ્વાયત્તતા મૂળભૂત રીતે વેપાર વાટાઘાટોના સ્વરૂપને બદલી નાખે છે. ચીન પણ અમેરિકાની સુરક્ષા પર નિર્ભર નથી અને તેની પાસે વ્યૂહાત્મક ફાયદા છે, ખાસ કરીને દુર્લભ ખનિજોના કિસ્સામાં, જે યુએસ સંરક્ષણ અને હાઈ-ટેક ઉદ્યોગો માટે મહત્વપૂર્ણ છે. પરિણામે, યુએસ-ચીન વેપાર કરારો, ગમે તેટલા તંગ હોય, ક્યારેય એકતરફી નથી. શક્તિનું સંતુલન વાટાઘાટોને દબાણ કરે છે, પાલન નહીં.

ભારત- અમેરિકા વેપાર કરાર માટે વાટાઘાટો ફેબ્રુઆરી ૨૦૨૫ માં શરૂ થઈ હતી, પરંતુ તે અટકી ગઈ છે કારણ કે વાટાઘાટો ફક્ત વેપાર સુધી મર્યાદિત નથી. યુએસ ભારત પર તેની મુખ્ય સ્થાનિક નીતિઓને યુએસ હિતો સાથે સંરેખિત કરવા દબાણ કરી રહ્યું છે. આ નિયમન અને ટેકનોલોજીથી લઈને ઊર્જા અને ભૂરાજનીતિ સુધીનો સમાવેશ થાય છે.

અમેરિકા ઈચ્છે છે કે ભારત વધુ અમેરિકન તેલ અને સંરક્ષણ સાધનો ખરીદે, ડેટા અને ડિજિટલ નિયમોમાં છૂટછાટ આપે અને બ્રિક્સ ભાગીદારો, ખાસ કરીને રશિયા અને ચીનથી પોતાને દૂર રાખે, જેમને યુએસ ડોલરના વર્ચસ્વને પડકારતું માને છે. અમેરિકા સરહદ પાર ડેટા પ્રવાહ, ડિજિટલ સેવાઓ પરના કર નાબૂદ કરવા અને મર્યાદિત બજારને બદલે ઈન્વેન્ટરી-આધારિત મોડેલો ચલાવવાની મંજૂરી આપવા માટે પણ દબાણ કરી રહ્યું છે. અમેરિકાએ સેટેલાઇટ-આધારિત ઈન્ટરનેટ સેવાઓ પૂરી પાડવા માટે સ્ટારલિંકના ભારતમાં પ્રવેશ માટે દબાણ કર્યું છે.

ભારતે પહેલાથી જ ઘણી છૂટછાટો આપી છે. કરાર સુરક્ષિત કરવા માટે તેણે વધુ છૂટછાટો આપવાનું ટાળવું જોઈએ, કારણ કે તેમને સ્વીકારવાથી નવી માંગણીઓ ઉભી થશે. જોકે, ભારતે રશિયન ક્રૂડ ઓઈલ પર સ્પષ્ટ નિર્ણય લેવો જોઈએ. એવી કોઈ ગેરંટી નથી કે રશિયન તેલની આયાત ઘટાડવાથી યુએસ દબાણ સમાપ્ત થશે. વેપાર કરાર ફક્ત ત્યારે જ અર્થપૂર્ણ છે જો તે વાજબી અને પારસ્પરિક હોય. જો કિંમત વ્યૂહાત્મક અવલંબન અથવા નીતિગત સ્વતંત્રતા ગુમાવવાની હોય, તો રાહ જોવી એ વધુ સમજદારીભર્યો વિકલ્પ છે.

**સરકાર દ્વારા થનારા ઈ-ઓક્શનો પર હવે બજારની નજર મંડાઈ: નિકાસ બજાર પણ ફરી ખુલવાની વધેલી શક્યતા**

# ઘઉંમાં મોટા પાયે વાવેતર થવાની આશા

- ભારતમાં હાલ રવિ મોસમ ચાલી રહી છે તથા આ રવિ મોસમમાં ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર નોંધપાત્ર વધી નવી ઉંચી સપાટીને આંબી ગયાના વાવડ મળ્યા હતા. જાન્યુઆરીના આરંભમાં મળેલા આંકડાઓ મુજબ દેશમાં આ વખતે દેશવ્યાપી ધોરણે ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર વધી ૩૩૪થી ૩૩૫ લાખ હેક્ટર્સ સુધી પહોંચી ગયો છે.

ભારતની ગણના જો કે કૃષી પ્રધાન દેશ તરીકે કરવામાં આવે છે પરંતુ વર્ષો અગાઉ ઘરઆંગણે ઘઉં-ચોખાનું ઉત્પાદન ઓછું તથા માગ વધુ રહેતી હતી અને એ દરમિયાન આપણે દરિયાપારથી આવતા અનાજ પર આધાર રાખવો પડતો હતો. જો કે ત્યારબાદ દેશમાં હરિયાળી ક્રાંતિ શરૂ થતાં ઘરઆંગણે ઘઉં-ચોખાનું ઉત્પાદન વધી જતાં આયાત પર આધાર ઘટયો હતો તથા આપણે દરિયાપાર અનાજની નિકાસ કરી શ કીએ એવી સ્થિતિમાં આવ્યા હતા. દરમિયાન, દેશમાં ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર વધતો રહી રેકોર્ડ સપાટીએ પહોંચી ગયાના વાવડ મળ્યા હતા. ભારતમાં હાલ રવિ મોસમ ચાલી રહી છે તથા આ રવિ મોસમમાં ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર નોંધપાત્ર વધી નવી ઉંચી સપાટીને આંબી ગયાના વાવડ મળ્યા હતા. જાન્યુઆરીના આરંભમાં મળેલા આંકડાઓ મુજબ દેશમાં આ વખતે દેશવ્યાપી ધોરણે ઘઉંના વાવેતર હેઠળનો વિસ્તાર વધી ૩૩૪થી ૩૩૫ લાખ હેકટર્સ સુધી પહોંચી ગયો છે. પાછલા વર્ષે રવિ મોસમમાં આ ગાળામાં આ આંકડો આશરે ૩૨૮ લાખ હેકટર્સનો નોંધાયો હતા. આ વર્ષે આગળ ઉપર હવામાન સાનુકુળ રહેશે તો દેશમાં ઘઉંનો નવો પાક રેકોર્ડ ઉપજવાની શક્યતા અનાજ બજારના જાણકારો બતાવી રહ્યા હતા. દેશમાં ઘઉંનો રેકોર્ડ પાક આવશે તો નિકાસ બજાર ફરી ખુલવાની ગણતરી પણ બજારનો અમુક વર્ગ બતાવી રહ્યો હતો. આ વર્ષે ઘઉંના વાવેતરનો વિસ્તાર હજી વધુ વધી ૩૩૬ લાખ હેકટર્સ સુધી પહોંચી જશે એવો અંદાજ કૃષી જાણકારો દર્શાવી રહ્યા હતા. ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ વીટ એન્ડ બાર્લી રિસર્ચના સૂત્રોના જણાવ્યા મુજબ હાલ દેશમાં વેધરની સ્થિતિ ઘઉંના પાક માટે ઉત્તમ જણાઈ રહી છે.



દરમિયાન, સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ રવિ મોસમ માટે અનાજના પાકનો ટારગેટ ૧૭૧૧થી ૧૭૧૨ લાખ ટનનો નક્કી કરવામાં આવ્યો છે. આ પૈકી ઘઉંના પાકનો ટારગેટ ૧૧૯૦ લાખ ટનનો બાંધવામાં આવ્યો છે. જ્યારે રવિ મોસમમાં ચોખાના ઉત્પાદનનો ટારગેટ ૧૫૮થી ૧૫૯ લાખ ટનનો નક્કી કરાયો છે. મકાઈ માટે આવો લક્ષ્યાંક આશરે ૧૪૫ લાખ ટનનો તથા જવ માટે ૨૦થી ૨૧ લાખ ટનનો બાંધવામાં આવ્યો છે. પાછલી રવિ મોસમમાં ઘઉંન ો પાક ૧૧૭૯થી ૧૧૮૦ લાખ ટન નોંધાયો હતો. જો કે આ વખતે દેશમાં જુવારના પાકના વાવેતર હેઠળનો વિસ્તાર પથી ૬ ટકા ઘટયો હોવાના વાવડ પણ મળ્યા હતા. દરમિયાન, દેશના કૃષી વૈજ્ઞાાનિકોએ ઉંચી પેદાશ આપતી ચોખા તથા મકાઈની વિવિધ બિયારણની જાતો વિકસાવી હોવાનું કેન્દ્રના કૃષી મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું. ચોખાના ઉત્પાદનમાં ચીનને પાછળ ધકેલી ભારત આગળ નિકળી ગયું છે. જો કે આપણે હજી પણ આયાતી કઠોળ તથા આયાતી ખાદ્યતેલો પર આધાર રાખતા રહ્યા છીએ એ જોતાં સરકારે ઘરઆંગણે કઠોળ તથા તેલિબિંયાનું ઉત્પાદન વધારવા અને આયાત પર આધાર ઘટાડવા વિવિધ પગલાંઓ ભરવાનો આરંભ કર્યો છે. આગળ ઉપર સરકારના આ પગલાંઓ કેટલા સફળ થાય છે એના પર બજારોની નજર રહી છે.

દરમિયાન, ૨૦૨૫-૨૬ માટે સરકારે ઓપન માર્કેટ સેલ યોજના માટે મિલરો તથા બલ્ક બાયર્સ માટે ઘઉંના ભાવ ક્વિ.ના રૂ.૨૫૫૦ નક્કી કર્યા હતા. આ ભાવ વાહનભાડા વગરના ભાવ રહ્યા છે. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા કદાચ ઘઉંનું ઈ-ઓક્શન ફરી શરૂ કરશે એવી શક્યતા પણ અનાજ બજારના સૂત્રો બતાવી રહ્યા હતા. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા પાસે ઘઉંનો સ્ટોક આશરે ૨૭૬થી ૨૭૭ લાખ ટનનો મનાઈ રહ્યો છે જ્યારે તેની સામે બફર સ્ટોકના ધારાધોરણો મુજબ ૧૩૮ લાખ ટનનો સ્ટોક સંતોષજનક ગણાય છે.

**વર્તમાન ભાવોની દ્રષ્ટિએ, અર્થતંત્ર રૂ.૩૫૭.૧૪ લાખ કરોડના કદ સુધી પહોંચવાનો અંદાજ છે**

# જીડીપી ૭.૪%ના દરે વધવાનો અંદાજ, પરંતુ ૨૦૨૬માં વૃદ્ધિનો માર્ગ સરળ નથી

- ભારત યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષની પણ આશા રાખી રહ્યું છે. આ બંને કરારો અત્યંત મહત્વપૂર્ણ છે. જો અમેરિકા સાથે વેપાર કરારમાં વિલંબ થાય છે, તો ચુકવણી સંતુલનના મોરચે પડકારો ઉભરી શકે છે, જે રૂપિયા પર દબાણમાં પણ પ્રતિબિંબિત થઈ રહ્યા છે. જો ભારતને અમેરિકામાં નિકાસમાં નોંધપાત્ર નુકસાન થાય છે, તો તે સીધા અને પોર્ટફોલિયો વિદેશી રોકાણ બંનેને અસર કરી શકે છે.

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા ગત સપ્તાહે ચાલુ નાણાકીય વર્ષ માટે કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી) નો પ્રથમ આગોતરો અંદાજ બહાર પાડવામાં આવ્યો હતો. તે દર્શાવે છે કે દેશનું અર્થતંત્ર ૨૦૨૫-૨૬ માં વાસ્તવિક દ્રષ્ટિએ ૭.૪ ટકાના દરે વૃદ્ધિ હાંસલ કરી શકે છે. આ મોટાભાગે બજારના અંદાજો સાથે સુસંગત છે. ભારતીય રિઝર્વ બેંકે ચાલુ વર્ષ માટે ૭.૩ ટકાના વિકાસ દરનો અંદાજ મૂક્યો હતો. પ્રથમ છ મહિનામાં અર્થતંત્ર ૮ ટકાના દરે વધ્યું હોવાથી, એવી અપેક્ષા છે કે બીજા છ મહિનામાં વૃદ્ધિ દર થોડો ઓછો હોઈ શકે છે.

આ હોવા છતાં, મુશ્કેલ પરિસ્થિતિઓમાં ૭.૪ ટકાનો અંદાજિત વિકાસ પ્રભાવશાળી છે અને ગયા વર્ષના ૬.૫ ટકાના વિકાસ દર કરતા પણ નોંધપાત્ર રીતે વધારે છે. ઉચ્ચ વાસ્તવિક વિકાસ દર પણ આંશિક રીતે નીચા ફુગાવાના દરને કારણે છે. વર્ષ માટે નોમિનલ વૃદ્ધિ ૮ ટકા રહેવાનો અંદાજ છે. બજેટ ગણતરી માટેનો આધાર બનતા પહેલા આગોતરા અંદાજમાં નોમિનલ વૃદ્ધિ પર નજીકથી નજર રાખવામાં આવી છે.


વર્તમાન ભાવોના સંપૂર્ણ સંદર્ભમાં, અર્થતંત્ર રૂ. ૩૫૭.૧૪ લાખ કરોડના કદ સુધી પહોંચવાનો અંદાજ છે, જે ૨૦૨૫-૨૬ના બજેટમાં અંદાજવામાં આવેલા સ્તર કરતા થોડું વધારે છે. જોકે, નબળા મહેસૂલ વૃદ્ધિને કારણે જીડીપીના ૪.૪ ટકાના દરે રાજકોષીય ખાધને નિયંત્રિત કરવી હજુ પણ પડકારજનક હોઈ શકે છે. સરકાર આગામી નાણાકીય વર્ષથી દેવાથી જીડીપી ગુણોત્તરને રાજકોષીય લક્ષ્ય તરીકે અપનાવી રહી હોવાથી, હવે નોમિનલ વૃદ્ધિ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

આગામી ત્રિમાસિક ગાળામાં ફુગાવો તેના વર્તમાન નીચા સ્તરથી વધવાની ધારણા છે, જે નોમિનલ વૃદ્ધિને સુધારવામાં મદદ કરશે. એ પણ નોંધનીય છે કે રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય આવતા મહિને સુધારેલા આધાર સાથે નવી જીડીપી શ્રેણી બહાર પાડશે. એવા અહેવાલ છે કે આ વર્તમાન શ્રેણી અંગે અર્થશાસ્ત્રીઓ અને વિશ્લેષકો દ્વારા વર્ષોથી ઉઠાવવામાં આવેલી ચિંતાઓને દૂર કરશે. આંકડા વિભાગ ગ્રાહક ભાવ સૂચકાંક માટે એક નવી શ્રેણી પણ બહાર પાડશે. આમ, સમગ્ર ભારતમાં આર્થિક પ્રવૃત્તિ અને કિંમતો માપવાની રીતમાં નોંધપાત્ર ફેરફારો થઈ શકે છે.

આધાર વર્ષમાં ફેરફાર અને જીડીપી માપવાની પદ્ધતિમાં ફેરફાર છતાં, એવું માનવું મુશ્કેલ નથી કે આગામી નાણાકીય વર્ષ વધુ પડકારજનક હોઈ શકે છે. સરકાર આગામી વર્ષનું સંચાલન કેવી રીતે કરવાનો ઈરાદો ધરાવે છે તે થોડા અઠવાડિયા બાદ આવનાર બજેટમાં સ્પષ્ટ થઈ જશે. પડકારો મુખ્યત્વે બાહ્ય મોરચાથી ઉદ્ભવી રહ્યા છે. મહિનાઓ સુધી વાટાઘાટો છતાં, અમેરિકા સાથે વેપાર કરાર અનિશ્ચિત રહે છે. પરસ્પર ફાયદાકારક કરાર કેટલી ઝડપથી થાય છે તેના પર ઘણું નિર્ભર રહેશે.ભારત યુરોપિયન યુનિયન સાથે મુક્ત વેપાર કરારના વહેલા નિષ્કર્ષની પણ આશા રાખી રહ્યું છે. આ બંને કરારો અત્યંત મહત્વપૂર્ણ છે. જો અમેરિકા સાથે વેપાર કરારમાં વિલંબ થાય છે, તો ચુકવણી સંતુલનના મોરચે પડકારો ઉભરી શકે છે, જે રૂપિયા પર દબાણમાં પણ પ્રતિબિંબિત થઈ રહ્યા છે. જો ભારતને અમેરિકામાં નિકાસમાં નોંધપાત્ર નુકસાન થાય છે, તો તે સીધા અને પોર્ટફોલિયો વિદેશી રોકાણ બંનેને અસર કરી શકે છે. ઉદાહરણ તરીકે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ ૨૦૨૫ માં ૧૮ બિલિયન ડોલરથી વધુ મૂલ્યના ભારતીય શેર વેચ્યા હતા.તાજેતરના વર્ષોમાં ઉચ્ચ સરકારી મૂડી ખર્ચ વૃદ્ધિને આગળ ધપાવતા પરિબળોમાંનું એક રહ્યું છે. એવું માનવામાં આવે છે કે દેવાને આધાર અથવા લક્ષ્ય તરીકે અપનાવવાથી ખાધના કદને નિયંત્રિત કરવામાં વધુ સુગમતા મળશે, પરંતુ મૂડી ખર્ચનું સ્તર અને વૃદ્ધિ ટકાવી શકાય છે કે કેમ તે જોવાનું બાકી છે. વધુમાં, સ્થાનિક મોરચે સુધારાઓ પર નવેસરથી ભાર મૂકવામાં આવે તેવા સંકેતો છે. ટૂંકમાં આગામી નાણાકીય વર્ષમાં વૃદ્ધિ ગતિ જાળવી રાખવા માટે વધુ પ્રયાસોની જરૂર પડશે.

# કાર્તિક આર્યન સ્ટારર 'નાગઝિલા'માં વિલન તરીકે રવિ કિશનની એન્ટ્રી






કાર્તિક આર્યનની ધર્મા પ્રોડક્શન સાથેની ફિલ્મ 'નાગઝિલા'ના પહેલા પોસ્ટરથી જ તેના માટે ઘણી ઉત્સુકતા છે. ત્યારે આ ફિલ્મ વિશે વધુ એક રસપ્રદ માહિતી સામે આવી છે. ફિલ્મમાં વિલનની ભૂમિકા માટે રવિ કિશનને કાસ્ટ કરવામાં આવ્યા હોવાના અહેવાલો છે.

એક સૂત્ર દ્વારા મળતી માહિતિ અનુસાર, "ફિલ્મમાં કાર્તિક આર્યનનું પાત્ર જેટલો મહત્વનું છે, એટલો જ મહત્વનો વિલનનો રોલ છે. નિર્માતાઓને લાગ્યું કે આ પાત્ર માટે રવિ કિશન સર્વોત્તમ પસંદગી છે. તેમણે હંમેશા સારા કલાકાર તરીકે પોતાની ઓળખ બનાવી છે અને 'લાપતા લેડીઝ' (૨૦૨૪), 'મામલા લીગલ હૈ' (૨૦૨૪), 'સન ઓફ સરદાર ૨' (૨૦૨૫) જેવી ફિલ્મોમાં પોતાના અભિનયથી ફરી એકવાર પોતાનું સામર્થ્ય સાબિત કર્યું છે. આ અનોખી ફિલ્મનો ભાગ બનવા અને એક રસપ્રદ તથા સારી રીતે લખાયેલું પાત્ર ભજવવા માટે રવિ કિશન પણ ખૂબ ઉત્સાહિત છે. ખાસ તો કાર્તિક આર્યન અને રવિ કિશન વચ્ચેના દ્રશ્યો ખાસ જોવા જેવા રહેશે.''નાગઝિલા'માં કાર્તિક આર્યન એક ઇચ્છાધારી નાગની ભૂમિકા ભજવી રહ્યા છે. ફિલ્મની જાહેરાત ગયા વર્ષે કરવામાં આવી હતી અને તેને સ્વાતંત્ર્ય દિવસના લાંબા વીકેન્ડનો લાભ મળે એટલે ૧૪ ઓગસ્ટે રિલીઝ કરવાનો મેકર્સનો વિચાર હતો, પરંતુ હવે ફિલ્મ આ વર્ષે આ ફિલ્મની રિલીઝ થોડી પાછી ઠેલાય એવી શક્યતા છે.અગાઉ એક સૂત્રે જણાવ્યું હતું કે, "ફિલ્મનું શૂટિંગ થોડા મહિનામાં પૂરું થવાની શક્યતા છે. આ ફિલ્મમાં ભારે પ્રમાણમાં ફ્લ્હ્ઠનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના કારણે પોસ્ટ-પ્રોડક્શન પ્રક્રિયા લાંબી રહેશે. નિર્માતાઓ અને મુખ્ય અભિનેતા કાર્તિક આર્યન કોઈ પણ રીતે ઉતાવળ કરવા માગતા નથી. તેઓ જાણે છે કે તેમના હાથમાં એક ખાસ ફિલ્મ છે અને તે દર્શકો સુધી પહોંચે તે પહેલાં તેને સારી રીતે વાસ્તિક વીએફએક અને છતાં પ્રભાવશાળી રીતે રજૂ કરવા માંગે છે.''નાગઝિલા'નું ડિરેકશન 'ફુકરે' ફેમ મૃઘદીપ સિંહ લાંબા કરી રહ્યા છે અને ફિલ્મને કરણ જોહરની ધર્મા પ્રોડક્શન્સ તથા મહાવીર જૈનની મહાવીર જૈન ફિલ્મ્સ પ્રોડ્યુસ કરી રહી છે. આ ફિલ્મ કાર્તિક આર્યન અને મહાવીર જૈન વચ્ચેનું પ્રથમ કોલબરેશન છે. કાર્તિક અને કરણ જોહરની આ બીજી ફિલ્મ છે; અગાઉ તેઓ 'તું મેરી મૈં તેરા મૈં તેરા તું મેરી'માં સાથે કામ કરી ચૂક્યા છે.

# ભાષા કોઈ પણ હોય, સારી સ્ટોરીઝ હંમેશા મારી પાસે પહોંચી જાય છે : કલ્યાણી પ્રિયદર્શન

## કલ્યાણીએ લોકાહ ચેપ્ટર ૧ની સફળતા પછી બોલિવૂડ ઓફર્સ વિશે ઇન્ટરવ્યુમાં વાત કરી



મલયાલમ એક્ટ્રેસ કલ્યાણી પ્રિયદર્શન ટૂંક સમયમાં રણવીર સિંહ સાથે 'પ્રલય'થી બોલિવૂડમાં ડેબ્યૂ કરવાના કારણે ચર્ચામાં છે. જોકે આ અહેવાલો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી, પરંતુ 'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા' જેવી સુપરહિટ મલયાલમ ફિલ્મ બાદ તેને હિન્દી ફિલ્મોમાંથી મળતી ઓફર્સ વિશે કલ્યાણીએ તાજેતરના ઇન્ટરવ્યુમાં વાત કરી હતી.

ગયા વર્ષે આવેલી 'લોકાહ ચેપ્ટર ૧: ચંદ્રા' મલયાલમ સિનેમાની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક બની હતી અને સાથે જ ભારતની પહેલી મહિલા સુપરહીરો ફિલ્મ પણ હતી.આ ફિલ્મમાં કલ્યાણીનો લીડ રોલ ઘણા લોકો માટે એક સરપ્રાઇઝ હતો. ત્યારે હવે બોલિવૂડ ઓફર્સ વિશે વાત કરતાં કલ્યાણી કહે છે, "મને ખબર નથી હું આ કેવી રીતે સમજાવું, પણ ભાષા કોઈ પણ હોય, સારી સ્ટોરીઝ હંમેશા મારી પાસે પહોંચી જ છે. હું સ્ક્રિપ્ટ મામલે બહુ લાલચુ છું. જો કોઈ સારી સ્ક્રિપ્ટ હોય તો તે મરાઠી હોય, હિન્દી, કન્નડ, તમિલ, તેલુગુ કે મલયાલમ – મને બધું કરવું ગમે છે. હું એક જ વ્યક્તિ છું અને એક સાથે ૧૦ ફિલ્મો કરી શકતી નથી અને ચર્ચામાં તો ૧૦૦ જેટલી સારી સ્ક્રિપ્ટ્સ હોય છે. એટલે હાલ હું આ તબક્કે તો સ્ક્રીપ્ટ્સ જોઈ છું."

તેણે આગળ ઉમેર્યું, "હિન્દી ફિલ્મોની વાત કરું તો મને હિન્દી સિનેમા કરવું જરૂર ગમશે, પણ મારા માટે હંમેશા સ્ક્રિપ્ટ અને સારી વાર્તાઓ કહેવી એ સૌથી મહત્વનું છે. મેં ક્યારેય ભાષાને અવરોધ માન્યો નથી. ફિલ્મ અને સ્ટોરીટેલિંગમાં ભાવનાઓ તો બધે સરખી જ રહેવાની હોય છે. એટલે જ આજકાલ પેન-ઇન્ડિયન ફિલ્મો જોવા મળે છે. લોકો વિવિધ ભાષાની ફિલ્મો જુએ છે કારણ કે શબ્દો ભલે ન સમજાય, ભાવનાઓ તો પહોંચે જ છે." 'લોકાહ'ની સફળતા બાદ હિન્દી ફિલ્મોની ઓફર્સ વધી કે શરૂ થઈ તે અંગે કલ્યાણી જણાવે છે, " હાલ હું એવું કહી શકીશ નહીં કે ઓફર્સ વધી છે કે ઘટી છે, કારણ કે ઓફર્સ તો હંમેશા આવતી રહી છે. વાત એટલી છે કે હું એક જ વ્યક્તિ છું અને હું કોઈ ફિલ્મને દિલથી સમય આપવાનું પસંદ કરું છું. 'લોકાહ' વખતે પણ એવું જ હતું – જ્યારે હું તે ફિલ્મ પર કામ કરતી હતી ત્યારે મેં બીજું કંઈ કર્યું જ નહીં. એ કારણે હું મારી પાસે આવતી દરેક સારી સ્ક્રિપ્ટ માટે હા કહી શકતી નથી."'લોકાહ' સુપરહીરો યુનિવર્સના આગામી ભાગ અંગે પૂછતાં કલ્યાણી કહે છે, "અમને પહેલાંથી જ ખબર હતી કે આ ફિલ્મ યુનિવર્સ અંતે ક્યાં પહોંચવાનું છે અને ત્યાં પહોંચવાનો સામાન્ય ડ્રાફ્ટ પણ તૈયાર હતો. છેલ્લે મેં સાંભળ્યું હતું કે ડોમિનિક સ્ક્રિપ્ટ લખવાનું શરૂ કરી ચૂક્યા છે અને પ્રથમ બે દ્રશ્યોનો એક સેટ પણ તૈયાર કર્યો છે. મજાની વાત એ છે કે અમે લગભગ દરેક અઠવાડિયે તેમને ફોન કરીને પૂછીએ છીએ કે હવે શું ચાલી રહ્યું છે." આ તબક્કે હજુ પ્રલય વિશે કે લોકાહના આગળના ભાગો વિશે કોઈ ખાસ માહિતી મળી નથી.

# લોંગેવાલા અને જેસલમેર બાદ 'બોર્ડર ૨' હવે અમૃતસર પહોંચશે


'બોર્ડર ૨'ના મેકર્સ તેમનાં મ્યુઝિક લોન્ચને હવે નેશનલ ઇમોશનલ ઇવેન્ટનું સ્વરૂપ આપી રહ્યાં છે. લૌંગેવાલા–જેસલમેરમાં 'ઘર કબ આઓગે' ગીતનાં ભવ્ય અને હૃદયસ્પર્શી લોંચ બાદ હવે ટીમ આગામી મેગા ઇવેન્ટ માટે અમૃતસરનાં ખસા વિસ્તારમાં પહોંચી રહી છે, જ્યાં 'જાતે હુએ લમ્હોં – એ સોલફુલ રેન્ડિશન' ગીતનું ભવ્ય લોન્ચ કરવામાં આવશે. સંદેસે આતે હૈ ગીતન નવા વર્ઝને અમુક




કલાકોરમાં જ વ્યુઅરશિપના રેકોર્ડ તોડી નાંખ્યા હતા. લૌંગેવાલા પોસ્ટ પર બીએસએફના જવાનોની હાજરીમાં 'ઘર કબ આઓગે'નું લોંચ માત્ર ગીત લોન્ચ નહીં, પરંતુ દેશથી દૂર ફરજ બજાવતા જવાનોને અર્પિત એક ભાવનાત્મક શ્રદ્ધાંજલિ બની ગયું હતું. ભારતીય સૈન્યનાં ઇતિહાસ સાથે જોડાયેલા આ સ્થળે યોજાયેલો કાર્યક્રમ દેશભરના દર્શકોનાં દિલને સ્પર્શી ગયો હતો અને ફિલ્મ પ્રમોશન માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો હતો.હવે આ ફરી બધાનું ધ્યાન અમૃતસરના ખસા ખાતે યોજાનારા કાર્યક્રમ પર આકર્ષિત થશે એવો મેકર્સનો અંદાજ છે, જ્યાં અંદાજે ૧૦થી ૧૨ હજાર સૈનિકો અને તેમના પરિવારજનોની હાજરીમાં 'જાતે હુએ લમ્હોં' ગીતનું લોન્ચ થશે. આ ઇવેન્ટ લોહરીના ઉત્સવ સાથે પણ જોડાશે, જેનાથી સમગ્ર કાર્યક્રમને સાંસ્કૃતિક અને ઉત્સવનો રંગ આપવાનો મેકર્સનો ઇરાદો છે.ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ચર્ચા છે કે આ કાર્યક્રમ પણ સંગીત, દેશભક્તિ અને સૈન્યની વાસ્તવિક હાજરીના અનોખા સંયોજન સાથે યોજાશે. 'બોર્ડર ૨'ના મેકર્સ આ વખતે પરંપરાગત માર્કેટિંગ કરતાં ભાવનાત્મક જોડાણ પર વધુ ભાર મૂકી રહ્યા છે અને દરેક નવા પ્રમોશનલ માઇલસ્ટોન સાથે ફિલ્મ માટેની ઉત્સુકતા સતત વધી રહી છે.અનુરાગ સિંહ દ્વારા લખાયેલી અને દિગ્દર્શિત થયેલી 'બોર્ડર ૨' એક એપિક વૉર ફિલ્મ છે, જે ૧૯૯૭માં આવેલી જે.પી. દત્તાની ક્લાસિક ફિલ્મ 'બોર્ડર'ની સીક્વલ છે. ફિલ્મને ભૂષણ કુમાર, કૃષ્ણ કુમાર, જે.પી. દત્તા અને નિધી દત્તા પ્રોડ્યુસ કરી રહ્યાં છે.

# રાજાસાબની સરપ્રાઇઝઃ પ્રભાસની ફિલ્મમાં નવા યુનિવર્સના દરવાજા ખૂલ્યા

## રાજાસાબના અંતે પ્રીક્વલની જાહેરાત કરવામાં આવી



પ્રભાસની રાજાસાબ રિલીઝ થઈ ચુકી છે અને ફિલ્મ દર્શકો માટે મોટી સરપ્રાઇઝ લઈને આવી છે અને ફિલ્મના અંતે જાહેર કરી દેવાયું છે કે આ વાર્તા અહીં અટકતી નથી. સોશિયલ મીડિયા પર ચર્ચા છે કે ફિલ્મના મેકર્સે જાહેર કર્યું છે કે રાજાસાબ ૨ – સર્કસ ૧૯૩૫માં ફિલ્મની પ્રીક્વલ આવશે.

રાજાસાબ એક મોટા સ્કેલ પર બનેલી વૈભવી હોરર કોમેડી ફિલ્મ છે, ત્યારે ફિલ્મના અંતે મોટા યુનિવર્સ માટેના દરવાજા ખુલે છે. આ ફિલ્મને સર્કસ ૧૯૩૫ નામ અપાયું છે, જેમાં સિક્વલ ભુતકાળની સ્ટોરી કહેશે. જેમાં રહસ્ય, વૈભવી સેટ સાથે જુના જમાનાની વાત જોવા મળશે, જે ડિરેક્ટર મુર્તિની અલગ અલગ જોનરને મિક્સ કરવાની સ્ટાઇલ સાથે બરાબર મેળ ખાય છે. તેથી સિક્વલની જાહેરાતે ફેન્સનો ઉત્સાહ વધારી દીધો છે.

આ ફિલ્મના નામથી વધુ ડરામણી, સર્કસની વાર્તા સાથે ૧૯૩૦ના જમાનાની વાર્તા હશે એવું જાણવા મળે છે. મુખ્ય પ્રવાહની ભારતીય ફિલ્મોમાં આ સમયગાળો અને ખાસ તો હોરર કોમેડી જોનરમાં ક્યારેય જોવા મળ્યો નથી. જો ફિલ્મ સારી રીતે બને તો રાજાસાબનું વધુ ઉંડી વાર્તાઓ સાથે એક યુનિવર્સ પણ તૈયાર થઈ શકે છે.

હાલ તો મેકર્સ આ અંગે વધુ કોઈ માહિતી જાહેર કરી નથી. ક્યારે ફિલ્મ શરૂ થશે અને તેમાં કાસ્ટ કેવી હશે, તે અંગે કશું પણ જાહેર કરાયું નથી. આ પ્રકારની ફ્રેન્ચાઇઝી ભારતીય ફિલ્મો માટે ઘણી જરૂરી છે. આ યુનિવર્સમાં રાજાસાબ પ્રથમ પ્રકરણ છે, જે મેકર્સનું ગણતરીપૂર્વક અને આત્મવિશ્વાસપૂર્વક લેવાયેવું પગલું છે. નામ મુજબ આગળની ફિલ્મ બને તો દર્શકોને એક રાજાસાબથી પણ વધુ મહત્વાકાંક્ષી ફિલ્મ જોવા મળશે. તેમાં પ્રભાસ સાથે સંજય દત્ત, માલવિકા મોહનન, નિધિ અગ્રવાલ, રિદ્ધિ કુમાર સહિતના કલાકારો છે.


# શોભિતાની ફિલ્મ ચીકાતિલો ઓટીટી પર રિલીઝ થશે

## શોભિતા તેલુગુ ક્રાઇમ પોડકાસ્ટરના રોલમાં જોવા મળશે

શોભિતા ધુલીપાલાની તેલુગુ ફિલ્મ 'ચીકાતિલોઃ ગેસ વ્હાય?' ઓટીટી પર રિલીઝ થઈ રહી છે, જેમાં શોભિતા એક ક્રાઇમ પોડકાસ્ટરનો રોલ કરી રહી છે. ગુરુવારે આ ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર થયો છે સાથે જ તેની રિલીઝ ડેટ પણ જાહેર કરી દેવાઈ છે. આ એક ક્રાઇમ સસ્પેન્સ ફિલ્મ છે, જેની વાર્તા જકડી રાખે એવી છે અને શોભિતા તેમાં લીડ રોલમાં છે. શોભિતા આ ફિલ્મમાં સંધ્યા નામની પોડકાસ્ટરનો રોલ કરી રહી છે. તે કેટલાંક સૌથી ક્રુર અને ખતરનાક રહસ્યો ખુલ્લા પાડે છે અને તેની પાછળનું સત્ય બહાર લાવશે.

ફર્સ્ટ લૂકના પોસ્ટરમાં શોભિતા એક પોડકાસ્ટ સ્ટુડિયોમાં બેઠી છે અને કાન પર હેડફોન્સ પહેરેલા છે અને હાથની આંટી વાળીને ચહેરા નીચે અટકાવેલા છે. તેની પાછળ એક એવિડન્સ બોર્ડ તૈયાર કરેલું છે, જેમાં અખબારની કતરણો, તસવીરો અને કેટલીક મહિલાઓના ફોટો છે, જેને લાલ દોરીથી એકબીજા સાથે જોડેલાં છે. શોભિતાએ પણ પોતાના સોશિયલ મીડિયા પર આ પોસ્ટર શેર કર્યું હતું. તેની કેપ્શનમાં લખ્યું હતું, 'રાત પડે તે પહેલાં, સંધ્યા આવી રહી છે, તમે તૈયાર થઈ જાઓ.'

આ ફિલ્મમાં સંધ્યાના ઇન્ટર્નનું રહસ્યમય મૃત્યુ થતાં તે ન્યાયની શોધમાં ક્રુર ગુનાઓનો પીછો કરે છે અને તેનું સત્ય ઉજાગર કરવા મહેનત કરે છે. ચીકાતિલો ૨૩ જાન્યુઆરીએ રિલીઝ થશે અને એમેઝોન પ્રાઇમ વીડિયો પર જોવા મળશે.




# અમારી ફિલ્મની સફળતા પછી ગુજરાતમાં તળની ફિલ્મોનો ટ્રેન્ડ શરૂ થશે : કરણ જોશી

## લાલોના કલાકાર કરણ જોશીએ કહ્યું કે તેમને ફિલ્મની સફળતાથી આશ્ચર્ય થયું નથી

અંકિત સખિયાની ફિલ્મ 'લાલોઃ કૃષ્ણ સદા સહાયતે' દિવાળી વખતે રિલીઝ થઈ અને પછી પાછળથી એવી ઉંચકાઈ કે તેની કમાણીએ ઐતિહાસિક રીતે ગુજરાતી ફિલ્મ ઇન્ડસ્ટ્રીના કમાણીનાં બધાં જ રેકોર્ડ તોડી નાખ્યા. હવે ૯ જાન્યુઆરીએ આ ફિલ્મ હિન્દીમાં રિલીઝ થઈ છે, ત્યારે તેમાં લાલાનો લીડ રોલ કરતા કરણ જોશીએ ફિલ્મની સફર અને સફળતા વિશે વાત કરી છે.

પોતાના જીવન પર ફિલ્મની અસર વિશે કરણ જણાવે છે, "જીવનમાં ઘણું બધું બદલાઈ ગયું છે. પહેલા ૪૦ લોકો મને ઓળખતા આજે ૪૦૦ લોકો ઓળખે છે. એ ફરક છે. લોકોનો એક કલાકાર તરીકે મારામાં વિશ્વાસ વધી ગયો છે કે હું એકલે હાથે એક ફિલ્મની જવાબદારી ઉઠાવી શકું છું. જોકે, આ સફળતાથી મને અને મારી ટીમને કોઈ આશ્ચર્ય થયું નથી, કારણ કે અમે જાણતા હતા કે અમે પ્રામાણિકતાથી કામ કરીશું તો એ સારી જ બનશે."

કરણ જોશી જણાવે છે કે આ સફળતાથી બીજા ઘણા દરવાજા ખુલી ગયા છે. તેણે જણાવ્યું, "અમે ખુશ છીએ કે અમારી ફિલ્મ પછી, ગુજરાતીમાં તળની ફિલ્મોનું કલ્ચર ફરી શરુ થશે. ગુજરાતમાં



અર્બન અને રુરલ ફિલ્મોના પ્રકાર છે. અમારી ફિલ્મ એ બંનેની વચ્ચે છે. તેથી જ આ ફિલ્મ શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારોમાં જોવાઈ છે. જોવા કરતાં પણ લોકોએ આ ફિલ્મને ઉજવી છે. દરેક વ્યક્તિ બીજા પાંચ વ્યક્તિને ફિલ્મ જોવા લઇ ગયો છે. આ ફિલ્મે મને માનતો કર્યો છે કે હું આટલી જ પ્રામાણિકતાથી બધી જ ફિલ્મ કરીશ તો બધી જ ફિલ્મ ચાલશે. જરૂરી નથી કે બધી જ ફિલ્મ ૧૦૦ કરોડ કમાય કારણ કે બધી ફિલ્મ આવો કમાલ કરતી નથી."

ફિલ્મમાં કરણ જોશી એક રિક્શાડ્રાઈવરનો રોલ કરે છે, તેની તૈયારી વિશે કહ્યું, "હું શૂટના અઠવાડિયા પહેલાં જુનાગઢ પહોંચ્યો હતો. ત્યાં હું રિક્શામાં ફરતો હતો. મને મારા પાત્રના કપડા અને એક્સેસરીઝ જાતે શોધવાની છૂટ આપવામાં આવી હતી. અંકિતે મને કહ્યું હતું કે મને જે યોગ્ય લાગે તે હું ખરીદી શકું છું. આ ફિલ્મ અમારા બધઆના માટે એક અંગત કામ જેવી હતી. જો આપણે બધી ફિલ્મ આ રીતે વ્યક્તિગત ધોરણે કામ કરીને બનાવીશું તો આપણી ઘણી ફિલ્મની રાષ્ટ્રિય સ્તરે નોંધ લેવાશે. હાલ સમગ્ર દેશ સામે અમે ચાર હું, અંકિત સખિયા, શૃહદ ગોસ્વામી અને રીવા રાચ્છ સમગ્ર ઇન્ડસ્ટ્રીનું પ્રતિનિધિત્વ કરી રહ્યાં છીએ, તેનાથી મોટી શું વાત હોઈ શકે છે."

# મંધાનાની બેંગલોરની ટીમ આજે યૂપી સામે ટકરાશે

## WPL માં આજે દિપ્તી શર્માના ફોર્મ પર યૂપી વોરિયર્સનો આધાર, સાંજે ૭.૩૦થી પ્રારંભ







ભારતની બે સુપર સ્ટાર ક્રિકેટર્સ સ્મૃતિ મંધાના અને દિપ્તી શર્મા હવે આમનેસામને રમાનારી છે. વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સોમવારે એક તરફ ભારતીય વિમેન્સ ટીમની અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાની રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમ હશે તો બીજી તરફ તાજેતરના વિમેન્સ વર્લ્ડ કપમાં ચેમ્પિયન બનેલી ભારતીય ટીમની પ્રમુખ સદસ્ય અન પ્લેયર ઓફ ધ વર્લ્ડ કપ બનેલી દિપ્તી શર્માની યૂપી વોરિયર્સની ટીમ હશે. આમ આ મુકાબલો રોમાંચક બનવાની સંભાવના છે.

વર્તમાન લીગમાં બંને ટીમ એક એક મેચ રમી છે અને બંનેમાં વિપરીત પરિણામ આવ્યા હતા. રોયલ ચેલેન્જર્સની ટીમે મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં એક સમયે અશક્ય લાગતા ટારગેટને વટાવીને ત્રણ વિકેટથી રોમાંચક વિજય હાંસલ કર્યો હતો તો ગુજરાત જાયન્ટ્સના ૨૦૭ રનના જંગી સ્કોર સામે યૂપી વોરિયર્સે ૧૯૭ રન સુધી પહોંચવા છતાં અંતે દસ રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.હવે સોમવારે યુપીની ટીમ વર્તમાન સિઝનમાં તેના પ્રથમ વિજય માટે રમશે તો બીજી તરફ બેંગલોરની ટીમ તેની વિજયકૂચ જાળવી રાખવા માટે રમશે. યૂપી વોરિયર્સ માટે પ્રતિભાની કમી નથી પરંતુય બીજી તરફ બેંગલોરની ટીમ ખાસ કરીને મંધાનાને કારણે આત્મવિશ્વાસથી ભરપુર છે અને તેમાં ય તેણે મુંબઈ ઈન્ડિયન્સ જેવી ચેમ્પિયન ટીમના હાથમાં આવેલો વિજય આંચકી લીધો હતો જેને કારણે તેનો આત્મવિશ્વાસ ઓર વધી ગયો હશે.

મુંબઈ સામેની મેચમાં ૨૦૨૪ની ચેમ્પિયન બેંગલોરની ટીમ માટે નદિન ડી ક્લાર્કે શાનદાર બેટિંગ કરી હતી. તેણે ઈનિંગ્સના છેલ્લા બોલે વિનિંગ સ્ટ્રોક ફટકારીને હરમનપ્રિત કૌરની ટીમને મહાત કરી હતી. જોકે બીજે જ દિવસે મુંબઈએ વળતો પ્રહાર કરીને દિલ્હી કેપિટલ્સને ૫૦ રનથી હરાવીને પોતાના વિજયનું ખાતું ખોલ્યું હતું અને પુરવાર કરી દીધું હતું કે તે ખરેખર ચેમ્પિયન છે.જોકે એ જ રીતે જોઈએ તો યૂપી વોરિયર્સ પાસે પણ સ્ટાર ખેલાડીની કોઈ કમી નથી. તેમની પાસે મેગ લેનિંગ જેવી મહાન ક્રિકેટર છે અને તેના માર્ગદર્શનમાં ટીમના પરફોર્મન્સમાં ફરક પડી શકે છે. દિપ્તી શર્મા ટીમની સ્ટા ઓલરાઉન્ડર છે અને આ સિઝનમાં તેનું આકર્ષણ માત્ર વર્લ્ડ કપના પ્રદર્શનને કારણે જ નહીં પરંતુ સાથે સાથે હરાજીમાં તેને જે રીતે ૩.૨ કરોડ રૂપિયામાં ખરીદી લેવામાં આવી તેને કારણે પણ વધી ગયું છે. ગુજરાત જાયન્ટ્સ સામે શનિવારે તે નિષ્ફળ રહી હતી. તેને એકેય વિકેટ મળી ન હતી અને બેટિંગમાં માત્ર એક રન કરી શકી હતી. અંતે તેની ટીમનો દસ રનથી પરાજય થયો હતો. મેગ લેનિંગ ઈચ્છશે કે તેની આ મહાન ઓલરાઉન્ડર એકાદ મેચના ખરાબ દેખાવથી પરેશાન થયા વિના ચિંતામુક્ત બનીને સોમવારની મેચમાં પ્રદર્શન કરે. આ ઉપરાંત ટીમનો આધાર નવોદિત ઓપનર કિરણ નવગીરી અને અનુભવી હરલિન દેઓલ પર રહેશે. ફોબી લિચફિલ્ડ પણ શાનદાર ફોર્મ ધરાવે છે જેણે શનિવારે ૭૮ રન ફટકાર્યા હતા.

# વડોદરામાં વિરાટ કોહલી સદી ચૂકતાં યુવરાજ સિંહને પણ લાગી આવ્યું, કહ્યું - 'જરૂર પડે ત્યારે...'



ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાયેલી રોમાંચક પ્રથમ વન-ડે મેચમાં ભારતે ૪ વિકેટે વિજય મેળવી શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે. આ જીતનો અસલી હીરો વિરાટ કોહલી રહ્યો, જેણે ૯૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જોકે, કોહલી તેની ૫૪મી વન-ડે સદી અને ૮૫મી આંતરરાષ્ટ્રીય સદી પૂરી કરવામાં માત્ર ૭ રનથી ચૂકી ગયો હતો.

વિરાટ કોહલી ૯૩ રન પર આઉટ થતા જ આખું સ્ટેડિયમ સ્તબ્ધ થઈ ગયું હતું. ટીમ ઈન્ડિયાના પૂર્વ સ્ટાર યુવરાજ સિંહે પણ ટીવી પર આ મેચ જોતી વખતે પોતાની લાગણી વ્યક્ત કરી હતી. યુવરાજે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં વિરાટનો ફોટો શેર કરતા લખ્યું:

"ખૂબ સરસ રમ્યો કિંગ કોહલી! હંમેશા મજબૂતીથી ઉભો રહે છે અને જ્યારે જરૂર હોય ત્યારે શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. કમનસીબે સદી ચૂકી ગયો - તું આ સદીનો પૂરો હકદાર હતો!"

વન-ડે ક્રિકેટના ઈતિહાસમાં આ સાતમી વખત બન્યું છે જ્યારે વિરાટ કોહલી ૯૦ થી ૧૦૦ ની વચ્ચે આઉટ થયો હોય. જોકે, આ ૯૩ રનની ઈનિંગ દરમિયાન કોહલીએ ક્રિકેટ જગતના દિગ્ગજોને પાછળ છોડી દીધા છે.

કુમાર સંગાકારાનો રેકોર્ડ તોડ્યો: વિરાટ કોહલી હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર વિશ્વનો બીજો બેટ્સમેન બની ગયો છે. તેણે શ્રીલંકાના લિજેન્ડ કુમાર સંગાકારાને પાછળ છોડી દીધો છે.

પ્લેયર ઓફ ધ મેચ: તેની મેચ વિનિંગ ઈનિંગ માટે તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરાયો હતો. આ તેનો ૭૧મો આંતરરાષ્ટ્રીય પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ હતો.

# કિવિ સામે કોહલી સદી ચૂક્યો પણ ભારતનો રોમાંચક વિજય

### વડોદરામાં રમાયેલી પ્રથમ વન-ડેમાં ન્યૂઝીલેન્ડનો ૩૦૦ રનનો સ્કોર ભારતે ૪૯ ઓવરમાં છ વિકેટે વટાવ્યો, વિરાટ કોહલીના શાનદાર ૯૩, ગિલની અડધી સદી, ન્યૂઝીલેન્ડના મિચેલની આક્રમક બેટિંગ




વિરાટ કોહલીએ ફરી એક વાર વન-ડે ક્રિકેટ અને ભારતીય ટીમમાં પોતાનું મહત્વ પુરવાર કરી દેતાં રવિવારે અહીં રમાયેલી પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામે ભારતને ચાર વિકેટે રોમાંચક વિજય અપાવ્યો હતો. અહીંના કોટામ્બી સ્ટેડિયમ ખાતે રમાયેલી સૌ પ્રથમ વન-ડેમાં કોહલી સદી ચૂકી ગયો હતો પરંતુ તેણે શાનદાર ૯૩ રન ફટકાર્યા હતા. આમ છતાં ભારતને અંતિમ ઓવર્સમાં રન માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. કોટામ્બી ખાતેના સ્ટેડિયમ પર રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ન્યૂઝીલેન્ડે તેની ૫૦ ઓવરમાં આઠ વિકેટે ૩૦૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ભારતે ૪૯ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૩૦૬ રન કરી લીધા હતા. મેચ જીતવા માટે ૩૦૧ રનના ટારગેટ સામે રમતાં ભારતે પ્રભાવશાળી પ્રારંભ કર્યો હતો પરંતુ રોહિત શર્મા લાંબું ટકી શક્યો ન હતો. તેણે ૨૯ બોલમાં બે સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે ૨૬ રન ફટકાર્યા હતા. જોકે નવમી ઓવર સુધીમાં ભારત ૩૯ રન કરી શક્યું હતું. વિરાટ કોહલી અને કેપ્ટન શુભમન ગિલે બાજી સંભાળી લીધી હતી અને ૧૦૭ બોલમાં ૧૧૮ રનની ભાગીદારી નોંધાવીને ટીમને સધ્ધર સ્થિતિમાં લાવી દીધી હતી.

ભારતનો સ્કોર ૨૬.૩ ઓવરમાં ૧૫૭ હતો ત્યારે ગિલ આઉટ થયો હતો. તેણે ૭૧ બોલમાં ત્રણ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૫૬ રન ફટકાર્યા હતા. જોકે જ્યાં સુધી વિરાટ કોહલી મેદાન પર હતો ત્યાં સુધી ભારતનો વિજય આસાન જણાતો હતો. કોહલીએ તેની કારકિર્દીની ૩૦૯મી વન-ડે મેચ રમતાં તે ૫૪મી સદી ચૂકી ગયો હતો. ફટકારી હતી. ઓક્ટોબર ૨૦૨૫માં તેણે સિડની ખાતે ઓસ્ટ્રેલિયા સામે અણનમ ૭૪ રન ફટકાર્યા ત્યારથી આ તેનો સળંગ પાંચમો ૫૦+નો સ્કોર હતો જેમાં બે સદી પણ સામેલ છે. અંતે કાયલ જેમિસનની બોલિંગમાં તે ૯૧ બોલમાં ૯૩ રન ફટકારીને આઉટ થઈ ગયો હતો. કોહલીએ આઠ ચોગ્ગા અને એક સિક્સર ફટકારી હતી. તેણે શ્રેયસ ઐયર સાથે ૭૭ રનની ભાગીદારી નોંધાવી હતી. જોકે આ બંનેની વિકેટ પડ્યા બાદ ભારત મુશ્કેલીમાં મુકાઈ ગયું હતું. અહીં કે એલ રાહુલે એક છેડો સાચવીને બેટિંગ કરી હતી.

અગાઉ ન્યૂઝીલેન્ડે તેની ઈનિંગ્સની શાનદાર શરૂઆત કરી હતી. ભારતે ટોસ જીતીને હરીફ ટીમને પ્રથમ બેટિંગ કરવાનું આમંત્રણ આપ્યું હતું. જોકે પ્રારંભમાં આ નિર્ણય અયોગ્ય ઠર્યો હતો કેમ કે બંને કિવિ ઓપનરે પહેલી વિકેટ માટે ૨૨મી ઓવર સુધીમાં ૧૧૭ રન ઉમેરી દીધા હતા. ડેવોન કોનવે અને હેનરી નિકોલસ બંનેએ લગભગ એક સાથે જ આક્રમક વલણ અપનાવ્યું હતું. કોનવેએ ૬૭ બોલમાં ૫૬ રન ફટકાર્યા હતા તો તેના કરતાં વધુ બહેતર સ્ટ્રાઈક રેટથી ૬૯ બોલમાં ૬૨ રન ફટકાર્યા હતા. કોનવેએ છ ચોગ્ગા અને એક સિક્સર તો નિકોલસે આઠ ચોગ્ગા ફટકાર્યા હતા. અંતે બાવીસમી ઓવરમાં હર્ષિત રાણાએ ભારતને પ્રથમ સફળતા અપાવતાં નિકોલસને આઉટ કર્યો હતો તો ૨૪મી ઓવરમાં તેણે કોનવેને પણ આઉટ કરી દીધો હતો. આમ ન્યૂઝીલેન્ડે ૧૨૬ રનના સ્કોરે બે વિકેટ ગુમાવી હતી.

જોકે ત્યાર બાદ ટીમની રનગતિમાં ખાસ ફરક પડ્યો ન હતો કેમ કે આ તબક્કે ડેરેલ મિચેલ બેટિંગમાં આવ્યો હતો. મિચેલે ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સની સૌથી મહત્વની બેટિંગ કરીને ટીમ માટે સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો હતો. નિકોલસે ૭૧ બોલમાં ૮૪ રન ફટકાર્યા હતા જેમાં પાંચ ચોગ્ગા ઉપરાંત ત્રણ સિક્સરનો સમાવેશ થતો હતો. નિકોલસ બાદ ન્યૂઝીલેન્ડ માટે કોઈ મોટી ઈનિંગ્સ રમી શક્યું ન હતું પરંતુ મિચેલ હે અને ક્રિસ્ટિયન ક્લાર્કે નાની પરંતુ આક્રમક ઈનિંગ્સ રમીને ટીમનો સ્કોર ૩૦૦ ઉપર પહોંચાડી દીધો હતો.

# વડોદરામાં કોહલી અને રોહિતનું સન્માન કરાયું...







ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રવિવારે વડોદરાના કોટામ્બી ખાતે પ્રથમ વન-ડે ક્રિકેટ મેચ રમાઈ હતી. વડોદરામાં ૧૫ વર્ષ બાદ રમાયેલી આ મેચ દરમિયાન ભારતના મહાન ક્રિકેટર વિરાટ કોહલી અને રોહિત શર્માનું ખાસ સન્માન કરાયું હતું. આ પ્રસંગે બંનેનું એક મોટું પોસ્ટર રજૂ કરવામાં આવ્યું હતું. બંનેનું સન્માન થયું ત્યારે આઇસીસીના ચેરમેન જય શાહે ખાસ હાજરી આપી હતી.

# ગાવસ્કરે જેમીમાહને 'બેટ ગિટાર' ભેટમાં આપ્યું, સાથે બેસીને ગીત પણ ગાયું

### દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કરે વર્લ્ડ કપ દરમિયાન આપેલું વચન પાળ્યુ



ભારતીય મહિલા ક્રિકેટ ટીમની સ્ટાર ખેલાડી જેમીમાહ રોડ્રિગ્સને ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સુનીલ ગાવસ્કરે ગિટાર ભેટમાં આપ્યો છે. આ ગિટાર ખાસ છે અને જેમીમા આ ભેટને જીવનભર યાદ રાખશે. સુનીલ ગાવસ્કરે જેમીમાહને બેટ આકારનું ગિટાર ભેટમાં આપ્યું હતું. જ્યારે જેમીમાહે ભેટ ખોલી ત્યારે તે ખૂબ જ ખુશ દેખાતી હતી અને બેટ આકારના ગિટારની કારીગરીની પ્રશંસા કરી રહી હતી. બંનેએ સાથે મળીને 'યે દોસ્તી' ગીત ગાયું હતું.

ગાવસ્કરે જેમીમાહને બેટ આકારનું ગિટાર ભેટમાં આપ્યું તે વાર્તા મહિલા વર્લ્ડ કપની છે. જેમીમાહે સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે યાદગાર સદી ફટકારીને ભારતને રેકોર્ડબ્રેક વિજય અપાવ્યો હતો. આ જીત પછી, ગાવસ્કરે તેણીને કહ્યું કે જો ભારતીય ટીમ ખિતાબ જીતશે, તો તે તેની સાથે ગીત ગાશે. સુનીલ ગાવસ્કરે પોતાનું વચન પાળ્યું.

જેમિમાહે હસીને કહ્યું કે તે સુનીલ સરની રાહ જોઈ રહી છે. પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે, તેમણે નિરાશ ન કર્યા. યુવા ક્રિકેટરે ગાવસ્કરને પૂછ્યું કે બેટ આકારનું ગિટાર વગાડવા માટે છે કે બેટિંગ માટે. ગાવસ્કરે જવાબ આપ્યો કે તે બંને કરી શકે છે.નોંધનીય છે કે સુનીલ ગાવસ્કર અને જેમીમાહ બંને સંગીત પ્રેમી છે. જેમીમાહ ઘણીવાર ગાતી જોવા મળે છે. તાજેતરમાં, તેણીએ મુંબઈમાં ક્રિકેટરોના સન્માનમાં એક કાર્યક્રમમાં ગાયું હતું. જેમીમાહ રોડ્રિગ્સ પ્રથમ વખત મહિલા પ્રીમિયર લીગની કેપ્ટનશીપ કરી રહી છે.

# 'ભગવાનનો આભારી છું, આશા કરતા શ્રેષ્ઠ કર્યું...' વડોદરા વનડેમાં જીત બાદ કોહલીનું ભાવુક નિવેદન



ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડ સામેની વનડે સીરિઝના પ્રથમ મુકાબલામાં ૪ વિકેટે શાનદાર જીત મેળવી છે. ૧૧ જાન્યુઆરી (રવિવાર)ના રોજ વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં, ભારતીય ટીમને જીતવા માટે ૩૦૧ રનનો લક્ષ્યાંક મળ્યો હતો, જેને ટીમે ૬ બોલ બાકી રહેતા હાંસલ કરી લીધો હતો. આ જીત સાથે ભારતે સીરિઝમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે.

વડોદરા વનડેમાં ભારતીય ટીમની જીતમાં સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફરી એકવાર મહત્વની ભૂમિકા ભજવી હતી. કોહલીએ ૮ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ૯૧ બોલમાં ૯૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ દમદાર પ્રદર્શન માટે કોહલીને 'પ્લેયર ઓફ ધ મેચ' તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. કોહલીએ વનડેમાં ૪૫મી વખત આ એવોર્ડ જીત્યો છે.

મેચ પછી, કોહલીએ એક ભાવુક નિવેદન આપતા કહ્યું કે તેણે જે કંઈ પણ હાંસલ કર્યું છે, તેના માટે તે ભગવાનનો આભારી છે કારણ કે ભગવાને તેને અપેક્ષા કરતાં ઘણું વધારે આપ્યું છે. કોહલીએ કહ્યું, "ઈમાનદારીથી કહું તો, મને ખબર નથી કે મેં કેટલા 'પ્લેયર ઓફ ધ મેચ' એવોર્ડ જીત્યા છે. હું બધી ટ્રોફી ગુરુગ્રામમાં મારી માતાને મોકલી દઉં છું. તેમને સાચવીને રાખવું ખૂબ ગમે છે. જો હું મારી આખી સફરને પાછળ વળીને જોઉં, તો તે મારા માટે કોઈ સપનાથી ઓછું નથી."

જ્યારે તેને સદી ચૂકવા અંગે પૂછવામાં આવ્યું, ત્યારે કોહલીએ કહ્યું, "જો હું પૂરી ઈમાનદારીથી કહું, તો હું કોઈ પણ માઈલસ્ટોન વિશે વિચારતો નથી. પીછો કરતી વખતે જ્યારે લક્ષ્ય સામે હોય, ત્યારે તમારે પરિસ્થિતિ મુજબ રમવું પડે છે. મારા મગજમાં માત્ર એક જ વાત હતી કે ટીમને સરળ જીતની સ્થિતિમાં લાવવી છે."

પોતાની બેટિંગ શૈલી વિશે વાત કરતાં કોહલીએ કહ્યું, "હું નંબર ત્રણ પર બેટિંગ કરું છું. જો મુશ્કેલ પરિસ્થિતિ હોય, તો હું રાહ જોવાને બદલે કાઉન્ટર-એટેક કરવામાં માનું છું. જ્યારે હું રોહિતના આઉટ થયા પછી અંદર આવ્યો, ત્યારે મને લાગ્યું કે જો હું શરૂઆતની ૨૦ બોલમાં થોડું જોર લગાવું, તો અમે વિપક્ષી ટીમ પર દબાણ બનાવી શકીએ છીએ. એ જ તફાવત ઉભો થયો."અંતમાં, તેણે ચાહકોના પ્રેમ બદલ આભાર માનતા કહ્યું, "હું અત્યંત આભારી છું. આ ખરેખર એક આશીર્વાદ છે. ફક્ત એ જ રમત રમીને, જેને હું બાળપણથી પ્રેમ કરું છું, લોકોના ચહેરા પર સ્મિત લાવી શકું છું, આનાથી વધુ હું શું માંગી શકું. હું મારું સપનું જીવી રહ્યો છું અને લોકોને ખુશ જોઈને મને ખુશી થાય છે."

# ચેમ્બર દ્વારા આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ કોન્કલેવ ૨૦૨૬ યોજાયો

સુરત, તા.૧૨

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ કલાક દરમ્યાન ઉષાકાંત હોલ, સરસાણા, સુરત ખાતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઇ) કોન્કલેવ ૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નિષ્ણાંત વકતાઓ તરીકે સિમ્પસ એકઝીમ અને કોર્પોરેટ એડવાઈઝરીના ડિરેકટર અને લીડ એડવાઈઝર શ્રી બાસેષ ગાલા, સીઈડીની સુરત વલસાડ રિજીયોનલ ઓફિસના સિનિયર ટ્રેઈનિંગ ઓફિસર શ્રી અવનીશ હિરપરા, શ્રી જી.આર. રાઘવેન્દ્ર, ડો. કારમેલ મેરી એસ્થર અને સુશ્રી શિવાની શર્માએ સ્ટાર્ટ—અપ્સ, ઉદ્યોગ સાહસિકો અને વ્યવસાયિકોને માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજના સમયમાં માત્ર ટેકનોલોજી પૂરતી સીમિત નથી, પરંતુ તે વ્યવસાય, ઉદ્યોગ અને અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ પરિવર્તનનું સાધન બની ગયું છે. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા આયોજિત એઆઈ કોન્કલેવ—૨૦૨૬નો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગકારો અને વ્યવસાયિકોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની વાસ્તવિક ઉપયોગિતા, કાનૂની પાસાઓ તથા ભવિષ્યની તકો અંગે માહિતગાર કરવાનો છે. CEDની સુરત વલસાડ રિજીયોનલ ઓફિસના સિનિયર ટ્રેઈનિંગ ઓફિસર શ્રી અવનિશ હિરપરાએ સીઈડી દ્વારા ઉદ્યોગકારો અને યુવા ઉદ્યોગ સાહસિકોને આપવામાં આવતી વિવિધ તાલીમ, માર્ગદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ કાર્યક્રમો તથા સરકાર દ્વારા ઉપલબ્ધ સહાય યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયું હતું કે, સીઈડીનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાનો છે અને તેમને સ્વરોજગાર તથા વ્યવસાયિક વિકાસ માટે જરૂરી જ્ઞાન, કુશળતા અને પ્લેટફોર્મ પૂરું પાડવાનું છે. તેમણે સ્ટાર્ટ—અપ્સ, એમએસએમઈ ઉદ્યોગકારો અને નવા વ્યવસાય શરૂ કરવા ઇચ્છુક યુવાનોને સીઈડીની સેવાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. શ્રી જી.આર. રાઘવેન્દ્રએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા ઉપયોગ સાથે જોડાયેલા વિવિધ કાનૂની મુદ્દાઓ અંગે વિસ્તૃત સમજ આપી હતી.

તેમણે ડેટા પ્રાઈવસી, સાયબર સુરક્ષા, ઈન્ટેકચ્યુલ પ્રોપર્ટી રાઈટ્સ, કોપીરાઈટ, જવાબદારી તથા એઆઈ આધારિત નિર્ણયોમાં પારદર્શિતા જેવા મહત્વપૂર્ણ કાનૂની પાસાઓ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહયું હતું કે, એઆઈ ટેકનોલોજીનો વ્યવસાયિક ઉપયોગ કરતી વખતે વર્તમાન કાયદા અને નિયમોનું પાલન કરવું અત્યંત આવશ્યક છે, જેથી ભવિષ્યમાં કાનૂની વિવાદો ટાળી શકાય. ડો. કારમેલ મેરી એસ્થરએ સ્ટાર્ટ—અપ્સ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કેવી રીતે ગેમચેન્જર સાબિત થઈ શકે છે તે વિષે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એઆઈના યોગ્ય ઉપયોગથી સ્ટાર્ટઅપ્સ ઓછા સંસાધનોમાં વધુ કાર્યક્ષમતા, ઝડપી નિર્ણય ક્ષમતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકે છે. તેમણે પ્રોડક?ટ ડેવલપમેન્ટ, માર્કેટ એનાલિસિસ, કસ્ટમર એક?સપિરિયન્સ, ઓટોમેશન તથા ડેટા આધારિત ઈનોવેશનમાં એઆઈની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો. કોલમ્સ્પ્રાઉટ એઆઈના કો—ફાઉન્ડર અને સીઈઓ સુશ્રી શિવાની શર્માએ કોલમ્સ્પ્રાઉટ એઆઈ વિષે લાઈવ ડેમો રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, કોલમ્સ્પ્રાઉટ એઆઈ એ વ્યવસાયિક સંસ્થાઓ માટે ખાસ રીતે ડિઝાઈન કરાયેલ એક સ્માર્ટ એઆઈ પ્લેટફોર્મ છે, જે ડેટા એનાલિસિસ, કસ્ટમર ઈનસાઈટ્સ, ઓટોમેશન અને નિર્ણય પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને અસરકારક બનાવે છે. સિમ્પસ એકઝીમ અને કોર્પોરેટ એડવાઈઝરીના ડિરેકટર અને લીડ એડવાઈઝર શ્રી બાસેષ ગાલાએ ૧૦૦શ બિઝનેસ બ્રેકથ્રુ — માઈન્ડ સેટ અને સિસ્ટમ્સ ટુ સ્કેલ વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આજના ઝડપી બદલાતા વ્યવસાયિક યુગમાં માત્ર ટેકનોલોજી અપનાવવી પૂરતી નથી, પરંતુ યોગ્ય માઈન્ડસેટ અને સિસ્ટમ્સ વિકસાવવી અત્યંત આવશ્યક છે. એઆઈ અને સ્માર્ટ સિસ્ટમ્સના યોગ્ય ઉપયોગથી વ્યવસાયમાં કાર્યક્ષમતા વધારી શકાય છે, ખર્ચ ઘટાડી શકાય છે અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા હાંસલ કરી શકાય છે. શ્રી ગાલાએ પોતાના સંબોધનમાં વ્યવસાયને ૧૦૦ ગણી વૃદ્ધિ તરફ દોરી જવા માટે લીડરશીપ વિચારસરણી, ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા, ઓટોમેશન, એઆઈ આધારિત સિસ્ટમ્સ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ મોડેલ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે ઉદ્યોગકારોને પરંપરાગત કાર્યપદ્ધતિમાંથી બહાર આવી નવીન વિચારધારા અને ટેકનોલોજી અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક?યો હતો. ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, કોન્કલેવના ચેરમેન શ્રી અતુલ પટેલ, ડો. ચિંતન પાઠક, શ્રી અતુલ પાઠક, ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને પ્રોફેશનલ્સ ઉપસ્થિત રહયા હતા.



આજે સુરતમાં પદ્મશાલી જનરલ સોસાયટી ચૂંટણી સમિતિના નેજા હેઠળ સોસાયટીની તમામ શાખાઓના પ્રમુખો, સચિવો અને સલાહકાર સમિતિના સભ્યો સાથે ચૂંટણી સંબંધિત સૂચનો જાણવા માટે એક બેઠક યોજાઈ હતી. ચૂંટણી સમિતિ આ બેઠકમાં મોટી સંખ્યામાં હાજર રહેલા અને પોતાના મૂલ્યવાન સૂચનો આપનારા સભ્યોનો હૃદયપૂર્વક આભાર માને છે.

# 'આપ'ના સહપ્રભારી હિતુભા રાઠોડે પાર્ટીમાં ગુંડારાજનો કરેલો આક્ષેપ

## મોરબી રવા રોડ પર આપની પરિવર્તન સભામાં ભારે રાજકીય ડ્રામા

મોરબી, તા.૧૨

મોરબીના રવાપર રોડ પર આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત પરિવર્તન સભામાં ભારે રાજકીય ડ્રામા સર્જાયો હતો. એક તરફ ગોપાલ ઇટાલિયા અને ઈશુદાન ગઢવી મંચ પરથી પરિવર્તનની વાતો કરી રહ્યા હતા, તો બીજી તરફ પક્ષના જ સહ-પ્રભારી હિતુભા રાઠોડે પક્ષને 'ગુંડાઓ અને અમીરોની પાર્ટી' ગણાવી રાજીનામું ધરી દેતાં મોરબીનું રાજકારણ ગરમાયું છે.

સભા દરમિયાન ભારે હોબાળા વચ્ચે સહ-પ્રભારી હિતુભા રાઠોડે પોતાની જ પાર્ટીની પોલ ખોલતાં આક્ષેપ કર્યો હતો કે, આમ આદમી પાર્ટીમાં અંદરખાને ભાજપ કરતા પણ વધુ ભ્રષ્ટાચાર ચાલે છે. અહીં નાના કાર્યકર્તાઓની કોઈ કિંમત નથી. તેમણે લોકોને અપીલ કરતા કહ્યું હતું કે, કોઈએ આ પાર્ટીમાં જોડાવું નહીં કારણ કે આ માત્ર અમીરોની પાર્ટી છે, ગરીબોની નહીં.

હિતુભા રાઠોડને સભાના સ્ટેજ સુધી જવા ન દેવાતાં તેમણે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. તેમણે ગોપાલ ઈટાલિયાના જૂના નિવેદનોને ટાંકીને જણાવ્યું કે, જે પક્ષ પોલીસને 'ટોમી' ગણે છે અને પટ્ટા ગળામાં પહેરાવવાની વાત કરે છે, જો તેની સરકાર આવશે તો દિલ્હીથી ગુંડાઓ લાવીને ગુજરાતમાં ગુંડારાજ ચલાવશે. આ તાનાશાહી સહન ન થતાં તેમણે પક્ષ સાથે છેડો ફાડી નાખ્યો હોવાનું જાહેર કર્યું હતું.

સભામાં સ્થળની બહાર પણ દૃશ્યો ચોંકાવનારા હતા. એક તરફ પક્ષ પરિવર્તનના દાવા કરતો હતો, ત્યારે બીજી તરફ રસ્તા પર આમ આદમી પાર્ટીના ખેસ રઝળતા જોવા મળ્યા હતા. ત્યાં હાજર લોકોએ પણ પક્ષની આ ખેંચતાણ જોઈને રોષે ભરાઈને કહ્યું હતું કે, આ ખેસ પર ચાલો. પક્ષના આંતરિક ડખાને કારણે સભાનો મૂળ ઉદ્દેશ બાજુ પર રહી ગયો હતો અને ચારેબાજુ રાજીનામા અને આક્ષેપોની ચર્ચા જોવા મળી હતી.

બીજી તરફ, મંચ પરથી ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકાર પર નિશાન સાધતા કહ્યું હતું કે, ભાજપના ધારાસભ્યોના કામ અધિકારીઓ કરતા નથી. જો વેપારીઓ અને કારખાનેદારો દબાયેલા રહેશે તો પરિવર્તન નિશ્ચિત છે. જોકે, પક્ષની અંદર જ ઉઠેલા આ બળવાએ ઈટાલિયાના દાવાઓ સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા કર્યા છે.

# આર.એમ.પી.એસ. શાળામાં સ્વર્ણિમ ભારતની થીમ સાથે વાર્ષિકોત્સવની રંગારંગ ઉજવણી



અંકલેશ્વર, તા.૧૨

આર.એમ.પી.એસ. ફ્લાઈંગ કિડ્સ પ્રિ સ્કૂલ ની ત્રણેય શાખાઓના સમન્વયે શાળાના વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી. આ વર્ષે સ્વર્ણિમ ભારત થીમ ની શરૂઆત મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય તથા ગણેશ વંદનાની સાથે કરવામાં આવી. શાળાના બાળકો દ્વારા અનેક સુંદર પ્રદર્શનની કરવામાં આવી જેમાં ભારતના ઇતિહાસની સહિત આજનું વિકસિત ભારત, પ્રગતિશીલ ભારત, વિશ્વ ગુરુ ભારત વગેરેને ખુબ જ સુંદર રીતે પ્રદર્શિત કરવામાં આવ્યા.

નાના ભૂલકાઓ દ્વારા સનાતન જ્ઞાન, જોશ -એ - ભારત, રક્ષક ભારત, નારી શક્તિ જેવા મુદ્દાઓને સુંદર નૃત્ય દ્વારા રજૂ કરવામાં આવ્યા. આ પ્રસંગે ઈન્ડિયા ગોટ ટેલેન્ટ ફેમ જવાહર મલખમ ગ્રુપ દ્વારા સુંદર પ્રદર્શનની કરવામાં આવી આ પ્રસંગે ચીફ ગેસ્ટ લાસ્ટ ન઼. થે.અનિલપુરી, ગેસ્ટ ઓફ ઓનર Lt .Gen. એમ.વી.સુચીન્દ્ર કુમાર, અતિથિ વિશેષ પદે કેપ્ટન દીપક બહુગુણા, વિશેષ આમંત્રિત મહેમાનો નીરૂબેન પટેલ, કરણસિંહ રાજપૂત, યોગિતાબેન દેવધરા સહિત દાંડી પદયાત્રીઓ ઉપસ્થિત રહ્યા. શાળાના ટ્રસ્ટીશ્રીઓ શ્રી રાકેશ જૈન, શ્રી મહાવીર જૈન ,શ્રી સચિન જૈન, ડિરેક્ટર અને પ્રિન્સિપલ મેકરીયા મેકડોનાલ્ડ, ફ્લાઈંગ કિડ્સ પ્રિ સ્કૂલના આચાર્યા શ્રીમતી અર્ચના નેગી પટેલ ,ઓપરેશન હેડ દર્શન જૈન એ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા.

ઉપસ્થિત સર્વ મહેમાનો દ્વારા શાળા ના સંચાલકો તથા શિક્ષકોને તેમની મહેનત તથા તેમના દ્વારા કરાયેલા આ સુંદર પ્રયત્નોને બિરદાવવામાં આવ્યા.




# અંકલેશ્વર પબ્લિક સ્કૂલમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો

અંકલેશ્વર, તા.૧૨

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી. ત્યારબાદ મુખ્ય મહેમાનશ્રી ઈકબાલભાઈ કાગઝી, ટ્રસ્ટી ઝાહીદ ફડવાલા દ્વારા રમતોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. પ્રાયમરી,સેકન્ડરી ના આચાર્ય કવીતા કાલગુડે અને પ્રી પ્રાયમરી અને પ્રાયમરી ના આચાર્ય શ્રદ્ધા પટેલ ની ઉપસ્થીતીમાં કાર્યકમ યોજાયો હતો. વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ માર્શ પાસ્ટ કરી સૌનું મન મોહી લીધું અને સાંસકૃતીક કાયઁકમ શીક્ષીકા નીમીષા પટેલ અને પ્રિયંકા મોદી દ્વારા કરાવામાં આવ્યો હતો.વિવિધ ટ્રેક અને ફિલ્ડ રમતો તેમજ મનોરંજક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા. આ રમતોત્સવ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતભાવના, શિસ્ત અને ટીમવર્કનો વિકાસ થયો. અંતે આભાર વિધાન રુહીન શેખ દ્વારા કરી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું.

### મોદી અને
પહેલા પાનાનું ચાલુ

ગાંધી આશ્રમની આ મુલાકાત પ્રસંગે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, રાજયના મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, સાબરમતી આશ્રમના ચેરપર્સન શ્રી કાર્તિકેય સારાભાઈ, સાબરમતી આશ્રમ રિવડેલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી આઈ.પી.ગૌતમ, અમદાવાદ કલેક્ટર શ્રી સુજીત કુમાર તથા જર્મન ડેલીગેશન અને ગાંધી આશ્રમ સાથે સંકળાયેલા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

### ઈસરોનું
પહેલા પાનાનું ચાલુ

પોલર સન-સિંક્રોનસ પોલર ઓર્બિટ (SSO)માં સ્થાપિત થશે.અન્વેષા સેટેલાઇટને રક્ષા અનુસંધાન એવમ વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ અદ્યતન ઈમેજિંગ ક્ષમતાઓથી સજ્જ એક જાસૂસી (ગુપ્ત) સેટેલાઇટ છે, જેનો ઉદ્દેશ્ય સચોટ દેખરેખ અને મેપિંગ કરવાનો છે. આ પૃથ્વીથી ઘણા સો કિલોમીટર ઉપર હોવા છતાં ઝાડીઓ, જંગલો અથવા બંકરોમાં છુપાયેલા દુશ્મનોની તસવીરો લઈ શકે છે.આ મિશનને ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) પુરુ કરવાનું છે. NSIL, ISROની કોમર્શિયલ શાખા છે. આ PSLV રોકેટની કુલ ૬૪મી ઉડાન પણ છે. આ અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ બનાવવા અને તેના લોન્ચ માટેનું ૯મુ કોમર્શિયલ મિશન છે.

જે ૧૫ સેટેલાઇટ્સને લોન્ચ કરવામાં આવશે, તેમાં ૭ ભારતીય અને ૮ વિદેશી સેટેલાઇટ પણ સામેલ છે. હૈદરાબાદ સ્થિત ધ્રુવા સ્પેસ આ લોન્ચ દ્વારા પોતાના ૭ સેટેલાઇટ્સ અંતરિક્ષમાં મોકલી રહી છે. ૮ વિદેશી સેટેલાઇટ્સમાં ફ્રાન્સ, નેપાળ, બ્રાઝિલ અને યુકેના સેટેલાઇટ સામેલ છે.

આ મિશન ભારતના પ્રાઈવેટ સ્પેસ સેક્ટર માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. કારણ કે પહેલીવાર કોઈ ભારતીય ખાનગી કંપનીઅu PSLV મિશનમાં આટલો મોટો હિસ્સો લીધો છે. જીન્ક દુનિયાના સૌથી ભરોસાપાત્ર લોન્ચ વાહનોમાં ગણાય છે. આ જ રોકેટથી ચંદ્રયાન-૧, મંગળયાન અને આદિત્ય-ન૧ જેવા મિશન લોન્ચ કરવામાં આવ્યા છે.

### સાંબા, રાજૌરી
પહેલા પાનાનું ચાલુ

અભિયાન હતું જે ૭ મે ૨૦૨૫ ના રોજ ચલાવવામાં આવ્યું, જેમાં પાકિસ્તાની અને પાકિસ્તાન-અધીન કાશ્મીર (PoK) માં આતંકવાદી ઠેકાણાઓ પર સર્જિકલ સ્ટ્રાઈક / એર સ્ટ્રાઈક્સ કરવામાં આવી હતી. આને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું હતું.

આ અભિયાન ૨૨ એપ્રિલ ૨૦૨૫ ના પહલગામ આતંકી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું. પહલગામ આતંકી હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા. અંદાજે ૨૫ મિનિટની અંદર પાકિસ્તાનમાં બહાવલપુર, મુરીદકે જેવા જૈશ અને લશ્કરના ૯ ઠેકાણાઓને સ્ટ્રાઈક કરીને ધ્વસ્ત કરવામાં આવ્યા હતા.

### અમેરિકામાં ઈરાન
પહેલા પાનાનું ચાલુ

તેના પર હુમલો કરવાની કોશિશ કરી, કેટલાકે ઝંડાના ડંડાઓથી પણ મારવાનો પ્રયાસ કર્યો, પરંતુ પોલીસે હસ્તક્ષેપ કરીને પરિસ્થિતિ નિયંત્રિત કરી હતી.

આ પ્રદર્શન ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને ત્યાંની જનતાના સંઘર્ષ સાથે જોડાયેલું છે. પ્રદર્શનકારીઓ ઈરાનના હાલના ધાર્મિક શાસન વિરુદ્ધ નારા લગાવી રહ્યા હતા અને અમેરિકા પાસે ૧૯૫૩ની જેમ હસ્તક્ષેપ ન કરવાની અપીલ કરી રહ્યા હતા, જ્યારે અમેરિકાએ ઈરાનમાં તખ્તાપલટ કરીને શાહને ફરી સત્તામાં બેસાડ્યા હતા.

### રીટર્ન થયેલા દરેક
પહેલા પાનાનું ચાલુ

દરેકમાં અલગ-અલગ ફરિયાદ એ કેસ ચલાવવો ખોટો છે પણ સુપ્રીમ કોર્ટ એ નિશ્ચિત કર્યુ કે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ધારા હેઠળ જેટલી વખત ચેક બાઉન્સ થાય તેટલી વખત કેસ બને છે. શર્ત એ જ છે કે ચેક બેન્કમાં રજુ થયા હોય તે ફંડના અભાવે બાઉન્સ થયા હોય અને ફરિયાદીએ નિયમ મુજબ નોટીસની પ્રક્રિયા કાનૂન મુજબ પુરી કરી હોય તો તેમાં એક જ કેસ નહી જેટલા ચેક પરત થયા હોય તેટલા કેસ બની શકે છે. આ કેસ ૨૦૧૬ના એક વેચાણ સંબંધીત હતો જેમાં ફરિયાદીએ એક પ્રોજેકટમાં ત્રણ કોમર્શિયલ યુનીટ ખરીદવાની તૈયારી સાથે ૧.૭૨ કરોડની રકમ ચુકવવામાં આવી હતી.

તેમાં શરત મુજબ ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જો વેચાણ દસ્તાવેજ સાથે મિલ્કતનો કબ્જો અપાય નહી તો રૂા.૩૫ લાખની વધારાની રકમ સાથે પુરી એડવાન્સ રકમ પરત કરવાની રહેતી હતી.

જેમાં રકમ પરત આપવા એ ચેક ઉપરાંત પોતાના બે વ્યક્તિગત ચેક આપ્યા હતા જેમાં વ્યક્તિગત ચેક બાઉન્સ થયા હતા અને પછીના બે ચેક પણ રિટર્ન થયા હતા. જેમાં નવો એક ચેક રજુ થયો તે પણ બાઉન્સ થતા કુલ પાંચ ફરિયાદો દાખલ થઈ હતી.

૨૦૨૫ એપ્રિલમાં હાઈકોર્ટે એ રીતે ફરિયાદ રદ કરી કે એકજ દેવા ચુકવણી માટે અલ,ગ અલગ ફરિયાદો થઈ શકે નહી અને જયારે ફરિયાદીએ પહેલા વ્યક્તિગત ચેક રજુ કરવાનો નિર્ણય લીધો તો પછી ફર્મના ચેક રજુ કરવાનું જરૂરી ન હતું. જો કે હાઈકોર્ટે જે નવો ચેક રિટર્ન થયો તેનો કેસ બને છે તે ફરિયાદ યથાવત રાખી હતી જે મામલો સુપ્રીમમાં ગયો હતો.

સુપ્રીમ તેના ચુકાદામાં હાઈકોર્ટે ફોજદારી ધારાની કલમ ૪૮૨ હેઠળ પોતાના જ અધિકાર ક્ષેત્રનું ઉલ્લંઘન થયુ છે. એક જ પેમેન્ટમાં એકથી વધુ ચેક અને તે તમામ રિટર્ન થાય તથા તેમાં કાનુની તારીખની પ્રક્રિયા થયા બાદ અલગ અલગ કેસ બની શકે છે. ફકત તે એકજ દેવા ાપેટેના વ્યવહાર છે તેથી તે એક કેસ બને તે યોગ્ય નથી.

### હિમાચલના
પહેલા પાનાનું ચાલુ

લાગવાના કારણો જાણી શકાયા નથી. ધારાસભ્યએ કહ્યું કે જે લોકો ગુમ હોવાનું કહેવાય છે, તેમની શોધખોળ માટે રાહત અને બચાવ કાર્ય સતત ચાલુ છે. કાટમાળ હટાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે, જેથી ગુમ થયેલા લોકોને વહેલી તકે શોધી શકાય.

તેમણે જણાવ્યું કે જીઢઈહ્મ અને દ્મઢઈહ્મ ટીમને રાહત અને બચાવ કાર્ય માટે ઘટનાસ્થળે બોલાવવામાં આવી છે.

આ દુર્ઘટના બાદ અરકી બજાર અને આસપાસના વિસ્તારોમાં શોક અને ભયનો માહોલ છે. સ્થાનિક લોકો પ્રશાસન પાસેથી અસરગ્રસ્ત પરિવારો માટે તાત્કાલિક રાહત, વળતર અને સુરક્ષિત પુનર્વસનની માંગ કરી રહ્યા છે. પ્રશાસને ખાતરી આપી છે કે ઘટનાની તપાસ કરવામાં આવશે અને પીડિતોને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવશે. સમાચારને સતત અપડેટ કરવામાં આવી રહ્યા છે.

### વેનેઝુએલામાં અમેરિકા દ્વારા
પહેલા પાનાનું ચાલુ

ઉતર્યા. સંખ્યા ઓછી હોવા છતાં અમેરિકી સૈનિકોએ ખૂબ જ ઝડપથી સમગ્ર વિસ્તાર પર નિયંત્રણ મેળવી લીધું. ગાર્ડે કહ્યું કે અમેરિકી સૈનિકો ટેકનોલોજીના મામલે ખૂબ જ આગળ હતા અને તેઓ એવા લાગી રહ્યા હતા જાણે કે પહેલા ક્યારેય તેમનો સામનો થયો ન હોય.

ગાર્ડે આ અથડામણને લડાઈ નહીં પણ એકતરફી હુમલો ગણાવ્યો. વેનેઝુએલા તરફ સેંકડો સૈનિકો હાજર હતા, પરંતુ તેમ છતાં તેઓ ટકી શક્યા નહીં. અમેરિકી સૈનિકો ખૂબ જ ઝડપી અને સચોટ રીતે ફાયરિંગ કરી રહ્યા હતા, જેના કારણે મુકાબલો અશક્ય બની ગયો.

### મોદી અને ફ્રેડરિક મર્જે દોસ્તીના
પહેલા પાનાનું ચાલુ

પતંગ ચગાવ્યો હતો. અહીં તેમણે રિવરફ્રન્ટ પણ જોયો હતો.

ગઈકાલે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ભારત મુલાકાત માટે સીધા અમદાવાદ પહોંચ્યા હતા. ITC નર્મદા હોટલમાં ફ્રેડરિક મર્ઝનું પરંપરાગત રીતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર સાબરમતી રિવરફ્રન્ટથી ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે જવા રવાના થયા છે. મોદી અને જર્મન ચાન્સેલરે હર હર મોદી ઘર ઘર મોદી અને ભારત-જર્મનીની ફ્રેન્ડશીપનો પતંગ ચગાવ્યો. બંને નેતાઓએ ખુલ્લી જીપમાં જઈને તમામ પતંગબાજોને મળીને તેમની સાથે પતંગ ચગાવ્યા હતા.

### સ્વચ્છ ભારતમાં
પેજ-૨ પાનાનું ચાલુ

એમા ગટરના પાણી ભળે છે.નલ સે જલ યોજના પણ ૪૭ ટકા ઘરોમાં સફળ થઇ છે.૩૩ જિલ્લામાંથી ૧૯ જિલ્લામાં ૫૦ ટકાથી પણ ઓછા ઘર સુધી નળ દ્વારા આ પાણી મળે છે.N.S.S પ્રવૃત્તિના વિદ્યાર્થીઓ-પ્રોગ્રામ ઓફિસરોએ-શાળા કોલેજોએ નકકર કામો કરવા પડશે.અભ્યાસ સાથે આ યોજનાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સંવેદના સભર કરે છે.પ્રવૃત્તિના કેન્દ્રો છે-શોધવા પડે-દોડવું પડે.આ શિબિરમાં ૬૦ વિદ્યાર્થીનીઓ સ્વચ્છતા આરોગ્યના કામો.આચાર્યા કિન્નરીબેન દેસાઇ તથા પી.ઓ.ફાલ્ગુની પટેલના માર્ગદર્શનથી કરી રહી છે.

### વીર નર્મદ
પેજ-૨ પાનાનું ચાલુ

અંકિત એમ. ચાંગાવાલા (Co-rodinatro, Dept. of Fine Arts) ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. આ ટીમમાં કો-ઓર્ડિનેટર તરીકે સુશ્રી પાયલ પાંડવ, ડૉ. રાજશ્રી પી. પટેલ અને ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે ડૉ. વિશાલ મકવાણાએ સેવા આપી હતી. યુનિવર્સિટીના આદરણીય કુલપતિ ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ અને રજિસ્ટ્રાર ડૉ. આર. સી. ગઢવી સાહેબે આ પહેલ, સખત મહેનત અને તેના પરિણામો બદલ સમગ્ર ટીમ અને વિદ્યાર્થીઓની પ્રશંસા કરી હતી. વર્કશોપની સફળ પૂર્ણાહુતિ બાદ પણ કેમ્પસની જૈવવિવિધતા (બાયોડિવર્સિટી)ને કેપ્ચર કરવાની આ પ્રક્રિયા આગામી સમયમાં પણ ચાલુ રહેશે.

### પ્રાયમરી ટીચર્સ
પેજ-૨ પાનાનું ચાલુ

મંડળીનાં પ્રમુખપદે સેવા આપી રહેલ સ્યાદલા ગામનાં વતની અને ગુ.રા.પ્રા.શિ.સંઘનાં સિનિયર ઉપપ્રમુખ, સુ.જિ.પ્રા.શિ.સંઘનાં પ્રમુખ કિરીટ પટેલે સૌને શાબ્દિક આવકાર આપી જણાવ્યું હતું કે દેશની આઝાદી પૂર્વે સને ૧૯૨૫ માં ભૂતપૂર્વ શિક્ષકોએ સ્થાપેલ આ મંડળીમાં હાલ ૬૧૦ શિક્ષક સભાસદ ભાઈ-બહેનો છે.મંડળી પાસે રૂ. ૨ કરોડ જેટલુ શેરભંડોળ અને રૂ. ૯ લાખની બચત થાપણ છે.મંડળીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ. ૧૬ કરોડ છે. મંડળી સભાસદનાં કુદરતી મૃત્યુ સમયે રૂ. ૫ લાખ અને અકસ્માતથી મૃત્યુ સમયે વધુ રૂ. ૫ લાખ મળી કુલ રૂ. ૧૦ લાખની સહાય પરિવારજનોને કરી માનવતાનું ઉત્તમ કામ કરી રહી છે.આજે વટવૃક્ષ બની ચૂકેલ આ મંડળી સભાસદોને વાર્ષિક રૂ. ૬.૫૦ ટકા વ્યાજનાં દરે રૂ. ૮.૫૦ લાખ ધિરાણ આપી રહી છે.ખૂબજ ઉત્સાહભર્યા માહોલમાં મંડળીનાં કુશળ,પ્રામાણિક અને નિષ્પક્ષ પ્રમુખ કિરીટ પટેલ સહિત પારદર્શક અને સ્વચ્છ વહીવટકર્તા મુખ્ય સેક્રેટરી મહેશ પટેલ,જોઈન્ટ સેક્રેટરીઓ ભરત પટેલ અને શશીકાંત પટેલનું ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે શાલ ઓઢાડી સ્મૃતિભેટ અર્પણ કરી વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.આરંભથી અંત સુધી સમગ્ર કાર્યક્રમ આનંદ, ગૌરવ અને સહકારિતાની ભાવનાથી છલકાતો રહ્યો હતો. અંતમાં મંડળીનાં ઉપપ્રમુખ બળદેવ પટેલે પરસ્પર વિશ્વાસ, સહયોગ, એકતા અને સંસ્થાની પ્રગતિ અને સિદ્ધિઓ પ્રતિ ગર્વ વ્યક્ત કરી સૌનો આભાર માન્યો કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### સાયણ કેળવણી
પેજ-૨ પાનાનું ચાલુ

સ્વ. સર્જનબેન શાહના સ્મરણાંર્થે શ્રી કનૈયાલાલ શાહ તરફથી પારિતોષિક આપવામાં આવ્યા હતા. તંદઉપરાંત સાંધીયેર ગામના શ્રી જયેન્દ્રભાઈ દેસાઈ તરફથી તેમના પુત્ર સ્વ.સુનિલભાઈ દેસાઈના સ્મરણાંર્થે બાળ મંદિર વિભાગથી ધોરણ ૧૨ સુધીના પ્રથમ અને દ્વિતીય આવનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા. H.S.C/S.S.C માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને શ્રી મનુભાઈ એમ.પટેલ તથા શ્રી નવીનભાઈ પટેલ તરફથી રોકડ પુરસ્કાર આપવામાં હતા.તેમજ બાળ મંદિર વિભાગ માંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા શ્રીમતી મયુરીબેન એમ. સાયણિયા અને શ્રીમતી જીગ્નેશાબેન એચ.પટેલ ને સંસ્થા તરફથી સાલ, સન્માન પત્ર,પુષ્પગુચ્છ તથા ગ્રેજ્યુટીનો ચેક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ માં સ્વાગત પ્રવચન મા. વિભાગના આચાર્યશ્રી સુરેશ એમ.હિરપરાએ કર્યું હતું. સંસ્થાના ઉપપ્રમુખશ્રી દર્શનભાઈ એ. નાયક દ્વારા વિદ્યાર્થીઓ અભ્યાસમાં રુચિ કેળવી અને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દી પ્રાપ્ત કરી અને શાળા તથા માતા પિતાને કઈ રીતે મદદરૂપ બની શકે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.તથા પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી દેવેન્દ્રસિંહ આઈ. ઠાકોર તરફથી પણ વિદ્યાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી હરીશભાઈ બી. માળી, ઉપપ્રમુખશ્રી દર્શનભાઈ નાયક,માનદમંત્રી શ્રી રાકેશભાઈ પટેલ,સભ્ય શ્રી પ્રવીણભાઈ ટેલર તેમજ દાતાશ્રી જયેન્દ્રભાઈ દેસાઈ,આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રો તથા વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભાર વિધિ પ્રાથમિક વિભાગના નિરીક્ષક નીતિનભાઈ બી પટેલ તરફથી કરવામાં આવી હતી.

### સુવાલી ખાતે
પેજ-૨ પાનાનું ચાલુ

કાર્યક્રમોમાં પ્રથમ દિવસે ઓસમાણ મીર અને આમિર મીર, દ્વિતીય દિવસે ઈન્ડિયન આઈડલ ફેમ ભૂમિ ત્રિવેદી તેમજ તૃતીય સમાપન દિવસે સાંત્વની ત્રિવેદીએ લાઈવ પર્ફોમન્સ કર્યું હતું અને શ્રોતાઓને સૂરોના મહાસાગરમાં તરબોળ કર્યા હતા. વૈવિધ્યસભર વાનગીઓનું રસપાન કરાવતા ૧૩૦ જેટલા ફૂડ સ્ટોલ, રમત ગમત, સાહસિક પ્રવૃત્તિઓએ સહેલાણીઓનું ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પોલીસ અને વિવિધ વિભાગના અધિકારી-કર્મચારીઓએ સહેલાણીઓની સવલતો અને સુરક્ષા માટે શ્રેષ્ઠતમ્ કાર્યપ્રણાલી અપનાવી કોઈપણ તકલીફ ન થાય તેવી વ્યવસ્થા પાર પાડી તે બદલ તમામનો આભાર પણ માન્યો હતો.આ વર્ષે બીચ ફેસ્ટિવલમાં વ્યવસ્થાપન અને સુરક્ષા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સુરત શહેર પોલીસ દ્વારા AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) જનરેટેડ કેમેરા લગાવવામાં આવ્યા છે, જેના દ્વારા સચોટ 'હ્યુમન કાઉન્ટિંગ' કરવામાં આવી રહી છે તે મુજબ પ્રથમ દિવસે ૬૫ હજારથી વધુ, દ્વિતીય દિવસે ૧.૫૦ લાખથી વધુ, તૃતીય દિવસે ૨.૫૦ લાખ થી વધુ લોકોએ સુંવાલી બીચ ફેસ્ટિવલની મજા માણી હતી.

### ડો.અતુલ પાઠક
પેજ-૨ પાનાનું ચાલુ

"રાષ્ટ્રભાષા પ્રચારક મંડળ, સુરત" માં સૌથી વધુ વર્ષ (૩૫ વર્ષ) સુધી અધ્યક્ષપદે રહેવાનો નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. તેઓ "ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ"નાં માસિક "ગુર્જર રાષ્ટ્રવિણા" ના ઈ.સ.૨૦૦૯ થી સંરક્ષક સંપાદક છે. હાલમાં તેઓ "ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદ"ના ઉપાધ્યક્ષ છે ?.

આ ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રની સંસ્થાઓમાં ડૉ. અતુલભાઈ પાઠકજી "એશિયન ઈન્સ્ટિટ્યૂટ્ ઑફ હ્યુમનરાઈટ્સ એજ્યુકેશન, ભોપાળ" ના ઉપપ્રમુખ, ઈન્ટરનેશનલ એસોસિએશન ઑફ એજ્યુકેટર્સ ઑફ વર્લ્ડપીસ, ન્યૂયોર્ક" ની શાર્ક દેશોની શાખા ના ઉપપ્રમુખ, "ભારતીય વિદ્યાભવન, મુંબઈ" ની કેન્દ્રીય કાર્યવાહક સમિતિના સભ્ય, "ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ઑફ એજયુકેશન એન્હાન્સમૅન્ટ,ગાંધીનગર"ના અધ્યક્ષ, "ગુજરાત લોકસાહિત્ય સંઘ, અમદાવાદ"ના ઉપપ્રમુખ, "અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ"ના ટ્રસ્ટી અને સી. જી. એસ. મહિલા વિદ્યાલય મંડળ, સુરત"ના ઉપપ્રમુખ છે ?.

### રૂપિયા પાંચ લાખથી વધુની
પહેલા પાનાનું ચાલુ

કેટલા શખ્સો સંડોવાયેલા છે.આશ્ચર્યની વાત એ છે કે, આરોપી છેલ્લા ૧૦ વર્ષથી પોતાના પરિવાર સાથે સુરતમાં સ્થાયી થયો હતો અને સામાન્ય રત્નકલાકાર તરીકે જીવન જીવતો હતો. પરંતુ વધુ પૈસા કમાવવાની લાલચે તેને ગુનાહિત પ્રવૃત્તિ તરફ ધકેલી દીધો હતો. છેલ્લા એક વર્ષથી તે સતત પોલીસની નજરથી બચીને આ પ્રવૃતિ કરી રહ્યો હતો, પરંતુ અંતે તે કાયદાના શિકંજામાં આવી ગયો છે.

### ૧૪એ સુરતમાં આખો
પહેલા પાનાનું ચાલુ

આ ઉત્તરાયણે સુરતીઓને પવનનો પૂરતો સાથ મળશે. સવારે ૭ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી શહેરમાં પવનની ગતિ પ્રતિ કલાક ૧૧ કિમી થી લઈ ૧૫ કિમી સુધી રહેવાની શક્યતા છે. એટલે કે, દિવસ દરમિયાન પતંગરસિકો ક્યારેય પણ નિરાશ થાય તેવી સ્થિતિ નથી.

### રાંદેરમાં લોખંડની
પહેલા પાનાનું ચાલુ

તેમજ ઢીક મુક્કીનો માર મારી ગંભીર ઈજા પહોંચાડી હતી હત્યાનો પ્રયાસ કરનાર ત્રણેય જણા સામે રાંદેર પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

**નામ બદલેલ છે**

**જૂનું નામ**
**મુસ્તુફા મુલ્લા તાહેરભાઈ સુનેલી**
**નવું નામ**
**મુસ્તફા મુલ્લા તાહેરભાઈ સુનેલી**
**સરનામું**
**૩/૮૩૬, બિલાલ ગલી, નવાપુરા, જાંપા બજાર, સુરત - ૩૯૫૦૦૩.**

**નામ બદલેલ છે**

**જૂનું નામ**
**ઝરીના મુસ્તુફા સુનેલી**
**નવું નામ**
**ઝરીના મુસ્તફા સુનેલી**
**સરનામું**
**૩/૮૩૬, બિલાલ ગલી, નવાપુરા, ઝાંપા બજાર, સુરત - ૩૯૫૦૦૩.**

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka



Incredible India
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Gujarat Tourism
INTERNATIONAL
KITE
FESTIVAL
JANUARY 12TH TO 14TH, 2026
જ્યાં દરેક પતંગ કહે છે
એક અનોખી વાત!
આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬ સાથે
ગુજરાતનું આકાશ રંગોથી છલકાઈ જશે, જ્યાં પરંપરા અને
પતંગબાજીના શાશ્વત આનંદનો અદ્‌ભુત સંગમ જોવા મળશે!
શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
શ્રી ફ્રેડરિક મૅર્ઝ
ફેડરલ ચાન્સેલર, ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
ઉદ્‌ઘાટક
શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડાપ્રધાન
મુખ્ય અતિથિ
શ્રી ફ્રેડરિક મૅર્ઝ
ફેડરલ ચાન્સેલર, ફેડરલ રિપબ્લિક ઑફ જર્મની
ગરિમામયી ઉપસ્થિતિ
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત
ડૉ. જયરામભાઈ ગામિત
માનનીય રાજ્યકક્ષા મંત્રી, પ્રવાસન, ગુજરાત
૧૨ જાન્યુઆરી, ૨૦૨૬ | સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ
આકર્ષણો
આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પતંગબાજી
હેરિટેજ હવેલી અને પોળ સંસ્કૃતિનું પ્રદર્શન
હેરિટેજ વૉક વે પર થીમ આધારિત કાઇટ મ્યૂઝિયમ
આકર્ષક ફોટો વૉલ ઇન્સ્ટૉલેશન
રાત્રિ પતંગબાજી (૧૩ જાન્યુઆરી, ૨૦૨૬)
ફૂડ સ્ટૉલ્સ
હસ્તકલા બજાર
ગ્રાન્ડ સિમ્ફની પરફોર્મન્સ
વધુ માહિતી માટે ક્યૂઆર સ્કૅન કરો